આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ

# ઘરશાળા

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૬

સળંગ અંક : ૧૦૧૮

સપ્ટેમ્બર-૨૦૨૫

"अज्ञान तिमिरान्धस्य
ज्ञानाञ्जन शलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै
श्री गुरवे नमः ॥"

**સરસ્વતી વિદ્યામંડળ સરસપુર કેમ્પસ ખાતે આવેલ પ્રાથમિક અને માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ દ્વારા ૭૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઉમળકાભેર કરવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શાળાના સૌ કર્મચારીઓ, સારસ્વતો અને વાલીમિત્રોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો. ઉપસ્થિત રહેલ મુખ્ય મહેમાનશ્રીએ પ્રેરણાદાયક ઉદ્‌બોધન કર્યું હતું.**















# ઘરશાળા

વર્ષ : ૮૫

સળંગ અંક : ૧૦૧૮ સપ્ટેમ્બર - ૨૦૨૫



સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જ્યોતીન્દ્રભાઈ દવે, સજુભા ઝાલા

સહતંત્રી : અશોકભાઈ સોમપુરા

વ્યવસ્થા અને સંકલન : કે. ડી. પટેલ

પરામર્શ : અમિતાબહેન પાલખીવાલા


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**


સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


| | | |
|---|---|---|
| બાળ સ્વરૂપ કવિતા | રવીન્દ્રનાથ ટાગોર | ૪ |
| સંપાદકીય : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ શિક્ષણ અને જીવન, એક સિક્કાની બન્ને બાજુ | અશોક સોમપુરા | ૫ |
| આજીવન બાલસેવક | ઈશ્વર પરમાર | ૭ |
| સ્વાવલંબનના સંસ્કાર | રણછોડ શાહ | ૧૧ |
| બાળકોને દશ્યાંકન કરતાં કરીએ | ઈશ્વરભાઈ વાઘેલા | ૧૩ |
| આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ | અમિતાબેન પાલખીવાલા | ૧૭ |
| રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ : શાળાકીય શિક્ષણમાં એક આદર્શ પરિવર્તન | ડૉ. ભરત જોશી | ૨૪ |
| ધરતીની વેદના પ્રત્યે આપણી સંવેદના | પ્રકાશ મહેતા | ૨૮ |
| કેળવણીની નૂતન કેડી : માઈધાર | મનસુખ સલ્લા | ૩૨ |
| શિક્ષક, સમાજ અને આપણું યુવાધન | મિત્તલ પટેલ | ૩૬ |
| શિક્ષક ખુલે એટલે વિદ્યાર્થી ખીલે! | જયંતી નાયી | ૩૯ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા | ૪૧ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | પરદેશ |
|---|---|---|
| વાર્ષિક | ₹ ૨૦૦ | ₹ ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ ૫૦૦ | ₹ ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ ૮૫૦ | ₹ ૮૫૦૦ |

**લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.**

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

## બાળ સ્વરૂપ કવિતા

બાળક સમાન પુરાતન કંઈ જ નથી.
દેશ, કાળ, શિક્ષણ તથા પ્રણાલી અનુસાર
મનુષ્યમાં અનેક પરિવર્તનો થતાં રહ્યાં છે.
પરંતુ બાળક તો હજારો વર્ષ પહેલાં જેવું હતું
તેવું આજે પણ રહ્યું છે. અનંત આશ્ચર્ય સમું
અપરિવર્તનીય બાળક સદીઓથી માનવીને ત્યાં
નિરક્ષર જન્મ લેતું રહ્યું છે, છે અને છતાંય
સર્વ પ્રથમદિને હતું તેટલું જ નૂતન અને
સુકોમળ, એટલું જ સરળ અને મધુર આજે પણ છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

# સંપાદકીય

- અશોક સોમપુરા



## ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

### શિક્ષણ અને જીવન, એક સિક્કાની બન્ને બાજુ

શિક્ષક એટલે શું? તેના વ્યવસાયની પવિત્રતા અને મહત્ત્વ કેટલું? સંસ્કારી નાગરિકોના ઘડતર માટે તેના કાર્યની ભૂમિકા કેવી? આ પ્રશ્નનો જવાબ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના જીવનમાંથી આપણને જરૂર મળી શકે. શિક્ષકના કાર્યને ઉજાગર કરવા તેમના જન્મદિવસને શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે. એ દિવસે તેમના જીવનકાર્યમાંથી પ્રેરણાદાયી અમૂલ્ય બાબતોનો પ્રચાર-પસાર કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં શિક્ષણ-શબ્દને ચમકતો કરવામાં તેમનું યોગદાન ખૂબ ઉપયોગી અને મૂલ્યવાન રહ્યું છે. સમાજ, પરિવાર અને લોક સમુદાય શિક્ષકના કામને મહત્ત્વ આપતો થાય. તેમજ શિક્ષક પણ પોતાનું શિક્ષણકાર્ય લોકહિત માટે જ છે એમ સમજતો થાય, એ આ દિવસ સુપેરે સમજાવે છે. તેમનું સમગ્ર જીવન શિક્ષણ સાથે વણાયેલું હતું. તેમની દરેક કાર્ય પ્રણાલીમાં ઊંડી મહેનત દેખાઈ આવતી હતી. શિક્ષણ જ તેમનું જીવન હતું. તેમની કામની પ્રતિબદ્ધતાને લીધે તેઓ દેશના માહન કેળવણીકાર બની શક્યા હતા. શિક્ષણકાર્યની પદ્ધતિ તેના વિવિધ પાસાંઓ, પ્રશ્નો અને તેના ઉકેલમાં

તેઓ માહિર હતા. ઉત્તમ ગુણવત્તાવાળો સ્વભાવ, હકારાત્મક જીવનશૈલી, દરેક વિષયનું ઊંડું જ્ઞાન એ તેમના વ્યક્તિત્વની આગવી શોભા હતી. તેમનું વ્યક્તિત્વ, ઊંડી સૂઝબૂઝ અને બુદ્ધિશાળી માનવ તરીકે તેઓ દેશમાં ઊભરી આવ્યા અને દેશના સર્વોચ્ચ હોદ્દા રાષ્ટ્રપતિ બનાવાનું પણ તેમને સૌભાગ્ય મળ્યું હતું.

માનવ જીવનના દરેક ઘટકમાં શિક્ષણ કેટલું અને કેવું વિસ્તરેલું હોવું જોઈએ તે અંગેની તેમની સમજ પાકી હતી. જીવન જીવવાના આદર્શો અને વાસ્તવિકતાનું અનુબંધન તેઓ સારી રીતે જાણતા હતા. આથી જ કોઈપણ આદર્શને શિક્ષણ સાથે અને વાસ્તવિક જીવન સાથે કેવી રીતે જોડી શકાય તેનો કિમીયો (ઉપાય) તેમની પાસે અચૂક મળી રહેતો. આથી આદર્શના તમામ લક્ષણો ઉપયોગી અને કારગત નીવડતા. આદર્શ ક્યારેય એકલું ન પડતું અને બિનઉપયોગી પણ ન બનતું. શિક્ષણનો મૂળ હેતુ માણસમાં સાચી નાગરિકતા અને રાષ્ટ્રીયતા આવે અને આવા માણસોનો સમૂહ એક સારા સમાજનું નિર્માણ કરે એવો હોવો જોઈએ. આવો ઊભો થયેલો સારો સમાજ અસમાનતા, ભ્રષ્ટાચાર અને વિવિધ પ્રકારના અનિષ્ટો દૂર રાખશે. કારણ કે સારા શિક્ષણમાં આવી અયોગ્ય અને કનિષ્ટ બાબતોનો નિષેધ છે, એમ તેઓ કહેતા.

શિક્ષણ સાથે જીવાતા જીવનના અનેક ઘટકોનું જ્ઞાન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ને ઘણું હતું. આથી માનવીના સર્વાંગીણ વિકાસ અને રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કરતા પરિબળોને સક્રિય કરવામાં તેમના સૂચનો ઉપયોગી થતા. આ પરિબળોમાં માણસની ધાર્મિક વૃત્તિ, તેને પાળવાની પદ્ધતિ તેમજ નૈતિક જીવન અને સ્વૈચ્છિક સહકારની ભાવનાથી એકઠા થઈ લોક કલ્યાણ માટે જાગૃત રહેવાના પ્રયાસો અને ગુણવત્તાયુક્ત શિક્ષણનો સમાવેશ થાય છે.

આવા મહામાનવ

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ને

કોટિ કોટિ વંદન

❀ ❀ ❀

દહીં હાંડીમાંથી લેવા જેવી મેનેજમેન્ટ શીખ :

૧. કોઈના સહકાર વગર ઉપર ચડી શકાતું નથી.
૨. બધા જ ટોચ ઉપર પહોંચી શકતા નથી.
૩. જોખમ લેવાવાળા જ ઉપર ચડી શકે.
૪. નીચેના માણસોએ સૌથી વધારે ભાર ઉચકવો પડે છે.
૫. સૌથી મજાનું, માખણ ઉપરવાળાને જ મળે છે.

❀ ❀ ❀

# આજીવન બાલસેવક

- ઈશ્વર પરમાર

એક દિલખુશ દૃશ્ય, સ્થળ : યુગાન્ડા (આફ્રિકા); સમય : સને ૧૯૫૩-૭૫. પંખીની જેમ ઊડતાં-દોડતાં બાળકો બાલમંદિરના સંગીતના ખંડમાં કતારબંધ ગોઠવાઇ ગયાં છે. વાતાવરણમાં મ્હેક છે. બાળકો સામે 'મોટાભાઈ' અને અન્ય શિક્ષક ભાઈ-બહેનો બેઠાં છે. ધીમેથી ખંજરીનો તાલ શરૂ થાય છે. આ તાલ સાથે બાળકો ડાબી-જમણી તાલીઓ પાડે છે. તાલ પૂરો થતાં મિનિટ એકનું મૌન. વાજાંના સૂરો સાથે શરૂ થયેલા મધુર શ્લોક પૂરા થતાં સૌ ગાય છે : 'અમે તો તારાં નાનાં બાળ, અમારી લેજે તું સંભાળ. ડગલે પગલે ભૂલો અમારી, કે સદ્‌બુદ્ધિ, ભૂલો વિસારી.'

આ પછી રામધૂન. હવે અભિનય સાથે ગીતોનું ગુંજન શરૂ થયું છે. બે હાથ પહોળા કરીને અને ગાલ ફુલાવીને બાળકો ખંડ ગજાવે છે : 'હાથીભાઇ તો જાડા, લાગે મોટા પાડા, આગળ ઝૂલે મોટી સૂંઢ, પાછળ લટકે નાની સૂંઢ!'

પછી તો 'કૂકડે કૂક', 'બારીમાં બબલી બેઠ'તી' જેવાં જોડકણાંની જમાવટ. પછી બાળકોને ખૂબ ગમતી વાંકીચૂકી ગાડી ચાલે છે; ગાડી પછી પમપમ કરતી મોટરગાડી, સરર કરતી સાઇકલ, હવે તો ઍરોપ્લેન! તેને છોડીને જૂનું ગાડું ને ઘોડાગાડી આગળ ચાલે છે! લો, હવે વાર્તાગીત શરૂ થયાં : 'બરણીનો મુરબ્બો ખાવા ઉંદર ચાલ્યા ચાર! ત્યાં વળી, માંદી પડેલી ઢીંગલીને સાજી કરીને બાળકો ધમધમક ધમધમ કરતાંકને કૂચ શરૂ કરે છે. કૂચ પછી લડાઇ! લડાઇ પછી સમર-સેવિકા કોમળ સેજ બિછાવે! પાછાં પડઘમ સાથે કૂચ શરૂ કરીને બાળકો દાંડિયા ટોપલીમાં મૂકીને પોતાની જગાએ બેસી જાય છે અને છેલ્લું ગીત ગવાય છે જેમાં 'મોટાભાઈ'નો રણકતો સાદ અલગ તરી આવે છેઃ

''યુગસંદેશો આવે, વાત મજાની લાવે,
નાનાં નાનાં છોકરાંને હેત ધરી સમજાવે.
રમજો જમજો સૌએ સાથ, ભણજો રાખી દિલમાં નાથ,
લડવું-રડવું છોડી દૈને સદાય રહેજો સૌ સંગાથ!''

આ દૃશ્ય પૂરું થયું નથી. સને ૧૯૧૪ની ૨૮મી ઑક્ટોબરે જન્મેલા આ દૃશ્યના દિગ્દર્શકના ચિત્તમાં હજુય તે રમ્યા કરે છે. વિદેશમાં વસતા ગુજરાતી પરિવારોનાં બાળકોનું ત્રેવીસ વર્ષ લગી ગીત-સંગીત અને વાર્તાઓ દ્વારા સંસ્કાર-ઘડતર કરતાં કરતાં બાળકોના અને તેમના માવતરોનાય 'મોટાભાઈ' બની ગયેલા શ્રી ગણપતરામભાઈ ભારદ્વાજ હવે તો એંસી વરસ પૂરાં કરી ચૂક્યા છે. આમ છતાંય હજુ તેઓ બાળકો માટે કશીક રચનાત્મક પ્રવૃત્તિ કરવા જવા માટે પોતાના થાકેલા પગોને, આત્મશ્રદ્ધાના જોરે સતત સમજાવતા રહે છે અને સંદેશો મળતાં ત્યાં પહોંચી પણ જાય છે!

આત્મશ્રદ્ધાનાં બીજ રોપાયાં વતન વાંકાનેરમાં. વેળા પરોઢની. વઢવાણથી આવેલા એક ખાદીધારી સંતે નદીકાંઠે પાંચ-ખડકે બેસીને ચાર-પાંચ તરવરિયા તરુણોને મધુર કંઠે આ ગીત સંભળાવેલું :

‘દીવાલો દુર્ગની તૂટે અમારી આત્મશ્રદ્ધા તો
તૂટે જંજીર લોખંડી અમારી આત્મશ્રદ્ધા તો.’

આ પ્રભાવી સંગતે પ્રગટાવેલ આત્મશ્રદ્ધાએ રાષ્ટ્રપ્રેમ જગાવ્યો. ગાંધીસાદ સૂણીને અઢાર વર્ષની ઉંમરે સને ૧૯૩૨માં મૅટ્રિકના વિદ્યાર્થી ગણપતભાઈ ગુપચુપ ઘરમાંથી સરકીને સત્યાગ્રહમાં જોડાઈ ગયા. ત્રણેક વર્ષ સુધી જેલોમાં આવન-જાવન રહી. એમણે વઢવાણ અને સાબરમતીની જેલની હવા ખાધી એમ ન કહેવાય, જેલનો વંટોળ ફાક્યો કહેવાય!

કાયમ જેલમાં ન રહેનારને જાતે રોટલા કમાવા પડે છે! સને ૧૯૩૫માં ગણપતભાઇ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા. ઝવેરાતના વેપારી પિતાના આ પુત્રે શિક્ષણમાં ઝવેરાતની ઝલક જોઈ. આચાર્યશ્રી વિઠ્ઠલદાસ કોઠારીએ એમના શિક્ષકત્વને સંસ્કાર્યું. ત્રણેક વર્ષ પછી આ નોન-મૅટ્રિક શિક્ષકે વધુ લાયકાત મેળવવા માટે બાલશિક્ષણની તાલીમ લેવાનું વિચાર્યું. મુંબઈમાં સને ૧૯૪૨માં મૉન્ટેસોરી ડિપ્લોમા મેળવ્યો - બાલસેવાની દીક્ષા મેળવી.

બાલશિક્ષણ સંદર્ભે, એકવાર એમણે જોયું તો ગિજુભાઈ બાળકો સાથે નાટક કરતા હતા. એમાં એક ગીતમાં ‘ગધેડાભાઈ બેઠા હજામત કરવા’ એમ ગાવાનું હતું પણ મસ્તીખોર બાળકોએ સંપીને ઉલટભેર ગયું : ગિજુભાઈ બેઠા હજામત કરવા!’ બાળકો સાથે આત્મીયતા કેળવવાનો નિદર્શન-પાઠ અનાયાસ ગિજુભાઈ દ્વારા ગણપતભાઈને મળી ગયો. એક સારા બાળશિક્ષક થયા સિવાય બીજું કંઇ થવાનું વિચારવાપણું જ હવે ક્યાં રહ્યું હતું?

હા, વિચારવાની રહ્યા કરતી એક બીજી વાત : અંગ્રેજોને એમને ઘેર ધકેલવાની! અઠ્ઠાવીસ વર્ષના ગણપતભાઇ બૉમ્બો ડાયનેમાઇટ્સ દ્વારા થતી ભાંગફોડમાં સક્રિય ભાગીદારી સાથેનાં સાહસો પણ કરી ચૂક્યા!

પણ પાછો પ્યારો ખૂંટો સાંભર્યો. સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પછી, સને ૧૯૫૨ સુધી બોરડી (થાણા-મુંબઇ) અને મેરઠ (દિલ્હી)ની શિક્ષણસંસ્થાઓમાં સેવાઓ આપી.

એક નવી મૂંઝવણ આવી. પરિવારની આર્થિક જવાબદારીઓ નિભાવવાની હતી અને ટૂંક-પગારી બાળસેવાય છોડવી ન હતી. આ બંને બાબતોને ન્યાય મળી રહે તે માટે શ્રી ગુરુદયાલ મલ્લિકજીની પ્રેરણા અને પ્રયાસથી યુગાન્ડા (પૂર્વ આફ્રિકા) જવાનું સ્વીકાર્યું; ત્યાં માધવાણી કન્સર્નના બાલમંદિરમાં ધર્મપત્ની શ્રીમતી કુંદનબહેન સહિત કપલ-ટીચર તરીકે સને ૧૯૫૩માં જોડાયા અને ત્રેવીસ વર્ષ ત્યાં રહ્યા. પત્ની અને પુત્રીઓના સહકારથી ગુજરાતી પરિવારની બાળસભાઓ ગજવવા ઉપરાંત ત્યાંની ‘શ્યામ’ બાળાઓને પણ સ્વતંત્ર રાસ કરાવ્યા!

પૂર્વ આફ્રિકાના ત્રણેય દેશોનું દારેસલામમાં બાલશિક્ષણ સંમેલન યોજાયું. (૧૯૬૦) તેના

પ્રમુખપદે પધારેલા મનુભાઇ પંચોળી (‘દર્શક’)થી ગણપતભાઇ ખૂબ પ્રભાવિત થયા. તે પછી ચાર વર્ષ ભારદ્વાજ-ગ્રુપ રચીને એમણે બાળકો માટે સંસ્કાર-કાર્યક્રમો પણ આપ્યા.

આફ્રિકાથી વય-નિવૃત્તિ સ્વીકારીને સને ૧૯૭૬-૮૩ના ગાળામાં મુખ્યત્વે ધોરાજી અને પછી રાજકોટમાં બાલશિક્ષણની પ્રવૃત્તિ ચાલુ રાખી. આ વખતે વિચાર આવ્યો : શહેરોમાં તો શિક્ષિત વાલીઓના સહકારથી ઠીક ઠીક કામ કર્યું; હવે ગ્રામ બાળશિક્ષણ આરાધના કરી હોય તો?

તરત યુગાન્ડાના બાલમંદિરમાંનાં બાળકો સાંભર્યાં. હવે તો તેઓ યુવા ને પ્રૌઢ થયા હતા. તેમનાં બાળકોને મળવા માટે ચારેક માસ ગણપતભાઇ લંડનમાં રહ્યા. વિવિધ પરિવારોએ એમના બાલશિક્ષણ સંસ્કાર કાર્યક્રમો યોજ્યા અને વિડિયોમાં કાળજીથી સાચવ્યા; અને ખાસ તો, ગ્રામ બાળશિક્ષણ આરાધના ટ્રસ્ટની ભાવનાને ભૌતિક ટેકો આપવા માટે ભંડોળ પણ કરી આપ્યું.

રાજકોટથી પચીસેક માઇલ દૂર આવેલ નાનકડા ગામ આણંદપરમાં એક હેક્ટર જેટલી ખરાબાની જમીન ટ્રસ્ટ માટે ફાળવાઇ; પરંતુ આગળની કાર્યવાહી માટે શરીર પૂરતો સાથ આપી શકતું નથી. વિચાર-બીજ કદીક ક્યાંક પાંગરશે તેવો તેમનો મનોરથન જાણીને થઇ આવે કે એમ તો ‘મૂછાળી મા’ ગિજુભાઇનું બાળ-વિશ્વવિદ્યાલયનું વિચાર-બીજ ક્યારથીય ક્યારો માંગી જ રહ્યું છે ને?

થાય તે કરતા રહેવાનો ઉત્સાહ હજુ ઓસર્યો નથી એમનો. સપ્ટેમ્બર ’૯૫ના પ્રેમાળ પત્રમાં એમણે જણાવેલું : ‘ઑક્ટોબરની ૨૮મીએ એક્યાસી પૂરા થશે. હજુ મોટાં - નાનાં બાળકો પાસે રજૂ થવાની હોંશ છે. હજુ ઠીક ગાઇ શકાય તેવું લાગ્યું છે. બસ, પ્રેમભાવથી મળવું અને પ્રેમભાવ વધારવો. શિશુવિહાર, ભાવનગર મુકામે પૂજ્ય શ્રી માનાભાઇએ ગીતોનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. અમને આનંદ આવ્યો હતો. માસ આખરે ઑક્ટોબરના થોડા દિવસ નીલપર (રાપર-કચ્છ) બહેનોની આશ્રમશાળામાં જવાનો છું...’’

વળી મે’૯૬ના વત્સલ પત્રમાં લખ્યું : ‘‘ભારતભાઇ પાઠકનું ‘બાલ કેળવણીમાં ગિજુભાઈનું પ્રદાન’ પુસ્તક સપ્રેમ વાંચી રહ્યો છું. તે પુસ્તક વાંચતાં મારું બાલશિક્ષક તરીકેના જીવનનું આત્મનિરીક્ષણ કરવાનું ચાલુ જ રહ્યું... ઘણી ક્ષતિઓ દેખાયા કરે છે ; પણ જે થયું તે થયું... હવે હરવા-ફરવાની શક્તિ ઓછી. ડૉક્ટરો કહે : હાર્ટ-બ્લડ પ્રેશરનું ધ્યાન રાખવાનું... આમ છતાં તક મળતાં સંસ્થાઓમાં સપ્રેમ એકાદ કલાકનો કાર્યક્રમ કરી આવું. અહીંના સરસ્વતી વિદ્યાલયનાં બાળકો સમક્ષ જઇ આવ્યો. અભિનય ગીત : ‘ઘોડા જલ્દી ચલો... રાત અંધેરી હો ગઇ’ ને વારતા ‘ગણેશજીનો ઉંદર’ હજી મોટા અવાજથી બોલી શકાય છે.. ‘શ્રીરામકૃષ્ણ જ્યોત’ (૧૯૯૪)માં પ્રકાશિત મારો લેખ ‘નમું નમું હો બાલસ્વરૂપ!’ વાંચ્યો હશે...’’

સ્વાતંત્ર્ય સૈનિક ગણપતભાઇ પાંચેક વર્ષ પહેલાં, કશા જ પ્રત્યક્ષ કે પૂર્વ-પરિચય વિના મારે ત્યાં દ્વારકા પ્રેમપૂર્વક પધાર્યા હતા. તેમના

શામળા અને સ્વચ્છ ચહેરા પર બાળકનો મલકાટ જાળવી શકેલા એ મુરબ્બીની છટા ને છાયા મારા અંતર પર પથરાઈ ગઈ. એવા બાલભક્ત કે આજીવન બાલસેવકના ભાવજગત સાથે તંતુ જોડવાની તક કેમ ગુમાવાય?

પૂછ્યું : ''ગણપતભાઈ, બાલશિક્ષકે કઈ ભાવના પોતાનામાં વિકસાવવી જોઈએ?''

''અમારી મૉન્ટેસોરી-ટીચર્સની પ્રાર્થનામાં તમારા પ્રશ્નનો ઉત્તર છે.'' પછી આંખો અંતરે રોપીને બોલ્યા, ''હેલ્પ અસ ઓહ લૉર્ડ! ટુ પેનિટ્રેટ ઈન્ટુ ધ સિક્રેટ ઑફ ધ ચાઈલ્ડ સો ધેટ વી મે નો હિમ, લવ હિમ ઍન્ડ સર્વ હિમ એકોર્ડિંગ ટુ ધાય લૉ ઑફ જસ્ટિસ ઍન્ડ ડિવાઈન વિલ.'' (હે પ્રભુ, બાળકોનાં અંતરમનનો તાગ લેવામાં અમને સહાય કર કે જેથી તારા ન્યાયી કાનૂન અને દૈવી ઇચ્છા મુજબ અમે તેને જાણી શકીએ, ચાહી શકીએ અને તેની સેવા કરી શકીએ!)

''બાલમંદિરના શિક્ષક તરીકે આપને કનડ્યા કરી હોય તેવી મૂંઝવણો કઈ?''

''બાળકોની કનડગત તો હોય જ નહીં... ઠીક યાદ આવ્યું... તમને ભાવનગરવાળા શિશુવિહારના પ્રેમશંકરભાઈ ભટ્ટે અવતારેલ કવિતા સંભળાવું : એમાં જ તમારા પ્રશ્નનો ઉત્તર મળી જશે. કવિતાનું મથાળું પણ છે : 'બાલમંદિરના શિક્ષકની મૂંઝવણ'. સાંભળો ત્યારે એમાં શિક્ષક કહે છે :

'બાલમંદિરે મોટેરાંના ધાડેધાડાં આવે,
પોતાનાં બાળકની સામે ફરિયાદો સૌ લાવે.
કવરાવે છે, કજિયાળો છે, સાવ રહ્યો છે ઠોઠ,
નાની બેનને પાડી દીધી, ભાંગી નાખ્યો હોઠ.
હજી એકડા ના આવડ્યા, બારાખડી ના ગોખે,
બા-બાપનું નથી માનતો, તમે ચડાવ્યો મોઢે.
ડારો દેજો, બીક રાખજો, જરૂર પડે તો મારો,
ફાટીને તો ગયો ધુમાડે, ઘરમાં પાડે રાડો.
જો ના માને, કાન પકડજો, તડતડ ચાર તમાચા,
એ વિના તો ભાન ન આવે વચનો કહીએ સાચા.'

અમારા જેવા બાલશિક્ષક મોટેરાંઓની આવી વાતોથી ખૂબ મૂંઝાય છે; પણ પછી તો જોરમાં આવી જાય છે અને જણાવે છે કે : (કવિતા આગળ ચાલે છે, હોં!)

'મને થતું કુંભાર થાઉં તો ગર્દભને ના મારું
તો ફૂલડાં શાં આ બાળકને શા માટે હું ડારું?
પણ જો મારે પડે મારવું, માર્યા વિણ નવ ચાલે તો
આવી વાતો કરનારાને તો ખૂબ ચખાડું!''

''ગણપતભાઈ, આજના વાલીઓને શું કહેવાનું મન થાય આપને.''

''જે શુભ સંસ્કારોથી પોતાનું ઘર વિભૂષિત હોય તે સંસ્કારો ઘરનાં બાળકોમાં આવે તેવું વાતાવરણ દઢતા અને પ્રયત્નપૂર્વક ઘરમાં રહેવું જોઈએ, અને ઘરની પ્રત્યેક વ્યક્તિમાં આ બાબત અંગે એકતા પ્રવર્તતી હોવી જોઈએ.''

શિશુજગત સાથે એકતા ધરાવતા આ વડીલને સરકાર સ્વાતંત્ર્ય-સૈનિક તરીકે ભલે ઓળખે, આપણે તો અમને 'આજીવન બાલસેવક' તરીકે જ અદબપૂર્વક સલામ કરીશું, કરતા રહીશું!

# સ્વાવલંબનના સંસ્કાર

- રણછોડ શાહ

ખુદી કો કર બુલંદ ઈતના
કે હર તકદીર સે પહલે
ખુદા બંદે સે પૂછે
બતા તેરી રઝા ક્યા હૈ!

- મોહમ્મદ ઈકબાલ

મનુષ્યનો જન્મથી જ સ્વભાવ છે કે તે પોતાના વિશે વધારે વિચારે. વ્યક્તિ સૌ પ્રથમ જાત સાથે વાત કરે છે. બાળક જન્મથી જ ચાલતું નથી. પરંતુ ચાલવાની શરૂઆત કરે ત્યારે ઘૂંટણથી આગળ ડગ માંડે છે. આ સમયે તે હાથનો સહારો લે છે. વ્યક્તિ શરૂઆતના વર્ષોમાં જાતે કાર્ય કરવા પ્રયત્ન કરે છે. નાનપણમાં બાળકની પ્રત્યેક ક્રિયામાં મમ્મી તેને મદદ કરે છે. ધીમે-ધીમે બાળક સ્વતંત્ર થતાં શાળાએ જાય ત્યારે ત્યાં શિક્ષકો તેની વહારે ધાય છે અને વ્યવસાયમાં વડીલો કે ઉપરી અધિકારીઓ તેને સહાયરૂપ બને છે. પરંતુ આવું ક્યાં સુધી ચાલે?

વ્યક્તિને પણ સમજાય છે કે અન્યોની ટેકણ લાકડીથી આગળ વધી ન શકાય. તેથી જાતે પોતાના કાર્યો કરવાની શરૂઆત કરે છે. ધીમે-ધીમે તે સ્વાવલંબી થયો છે તેમ કહે છે અને અનુભવે છે. સ્વાવલંબનમાં 'સ્વ' એટલે પોતાનું અને 'અવલંબન'નો અર્થ છે આધાર. પોતાની ઉપર અવલંબીને રહેવું તેને સ્વાવલંબન કહીએ છીએ. સ્વાલંબન એટલે સ્વાશ્રય. સ્વાવલંબન એટલે જાત મહેતન. પોતે મહેનત કરીને આગળ વધે તેને લોકો સ્વાવલંબી વ્યક્તિ તરીકે ઓળખે છે.

સ્વાવલંબી શબ્દ વિશાળ છે. તેને નાના પરિપ્રેક્ષ્યમાં બાંધી શકાય નહીં. સ્વાવલંબી એટલે માત્ર પોતાના ઉપર આધાર રાખનાર, બીજા શબ્દોમાં કહીએ તો 'સ્વાશ્રયી'. ફક્ત પોતાના ઉપર અવલંબીને આગળ વધનાર ને જ સ્વાવલંબી કહી શકાય. બીજાની મદદની આશા ન રાખનાર જ સ્વાવલંબી બની શકે. પોતે સ્વવિષયક હોય તો જ તે શક્ય બને. સ્વાવલંબી વ્યક્તિ અંતર્ભૂત હોય અને આત્મલક્ષી તો હોય જ. સમગ્ર જગતમાં શ્રેષ્ઠ વ્યક્તિઓના જીવનનો અભ્યાસ કરવામાં આવે તો જરૂર તેમના કેન્દ્ર સ્થાને 'સ્વાવલંબન' જ નજરે પડશે.

કંઈક તો ખામી હશે ઉછેરમાં,
સ્વાશ્રયી ગાંધી, સરદાર અને
વિનોબાના દેશમાં;
પરવલંબીજનોની વણઝાર શી નજરે પડે!

બાળકો બાલમંદિરમાં જાય ત્યારે મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિથી શિક્ષણ પામે છે. મોન્ટેસરી પદ્ધતિનું ધ્યેય જ 'ખરી સ્વતંત્રતા' છે. એટલે

તો બાળકેળવણીકાર અને મૂછાળી માનું બિરૂદ પામેલ ગિજુભાઈ બધેકાએ કહ્યું છે : 'મનુષ્યની ખરી સ્વતંત્રતા સ્વાવલંબન ઉપર આધારિત છે.' સ્વાવલંબનનો સિદ્ધાંત જીવનની કરોડરજ્જુ સમાન છે. કરોડરજ્જુ શરીરને આધાર આપે છે અને 'સ્વાવલંબન' જીવનને ટટ્ટાર રાખે છે.

ગાંધીજીએ પોતાના સમગ્ર જીવન અને કાર્ય દરમિયાન સ્વાવલંબનને અત્યંત મહત્ત્વનું સ્થાન આપ્યું છે. પરતંત્ર ભારતને આઝાદ થવામાં સ્વાવલંબન અત્યંત મહત્ત્વનું અને ઉપયોગી બનશે તેવી તેમને દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ હતા. તેથી તેમના પ્રત્યેક કાર્યમાં સ્વાવલંબન કેન્દ્ર સ્થાને રહ્યું. તેઓ ગુલઝાર બાગની મુલાકાતે ગયા હતા. ત્યાં તેમણે કરેલ નિરીક્ષણમાં નોંધ્યું છે કે : ''ભાગી નીકળેલા નિરાશ્રિતોની છાવણીમાં હું જઈ આવ્યો. મારે એ છાવણીનું અને તેમાં થતા કામકાજનું બારીકીથી નિરીક્ષણ કરવાનું મન હતું. પણ તે ન બન્યું. છતાં જે કાંઈ મારા જોવામાં આવ્યું અને છાવણીના સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી જે કાંઈ સાંભળ્યું તેથી હું સાચે જ રાજી થયો; એ છાવણી સ્વાવલંબનના ધોરણે ચલાવવામાં આવે છે, માણસો કામ કરે છે અને તેમને તેમના કામ મુજબની મજૂરી ચૂકવવામાં આવે છે. પણ તેમને તેમના કામના પ્રમાણમાં મજૂરી જરા વધારે આપવામાં આવે છે. આ પ્રકારે પોતાની મજૂરી પર જીવનારા સ્વાશ્રય વડે માણસનું સ્વમાન કેળવાય છે.'' (સંદર્ભ : ભગવદ્ગોમંડળ, પાન - ૯૦૬૩)

સ્વાવલંબીપણું વ્યક્તિને અનોખો નિખાર આપે છે. નાની-નાની બાબતોમાં અન્યો ઉપર આધાર રાખનાર વ્યક્તિ ક્યારેય પ્રગતિ કરી શકતો નથી. પોતાનું કામ યોગ્ય રીતે અને સમયમર્યાદામાં પૂરું નહીં કરી શકનાર વ્યક્તિ 'મદદના અભાવે'નું બહાનું કાઢી પલાયનવાદી બની જાય છે. જે વ્યક્તિ પોતાને મદદરૂપ ન બને તેને બહારની મદદ કેવી રેતી મળે? પરોપજીવી વ્યક્તિએ પ્રગતિની આશા રાખવી નિરર્થક છે. વ્યક્તિગત, સંસ્થાગત કે સામાજિક વિકાસના પાયામાં 'સ્વાવલંબન' જ રહેલું છે. સંસ્થા કે સમાજમાં જે આગેવાનોએ 'જાતે કરવાનો' સિદ્ધાંતનો અમલ કર્યો છે; તેઓએ અને તેમની સંસ્થાઓએ ચોક્કસ જ વિકાસ સાધ્યો છે. સ્વાવલંબીપણું કેળવવામાં કુટુંબનું યોગદાન વિશેષ હોય છે. નાનપણથી જાતે કાર્ય કરે તેવો આગ્રહ વડીલોએ રાખવો જોઈએ. એક વખત આ ટેવ પડી જશે પછી સમગ્ર જિંદગી તેના આધારે જ ચાલશે.

સ્વાવલંબીપણું બાળપણથી આરૂઢ થવું જોઈએ. બાળકને સ્વાવલંબી બનાવવા માટે, કુટુંબ, શાળા અને સમાજે સતત પ્રયત્નો કરવા જોઈએ. વ્યક્તિ જ્યારે જાતે કાર્ય પૂર્ણ કરી શકતો હોય ત્યારે ઘર અને શિક્ષણ સંસ્થાએ તેને પ્રોત્સાહન આપવાનું છે, તેને પ્રોત્સાહિત કરવાનો છે, તેની પીઠ થાબડવાની છે. પરંતુ તે સમયે કેટલાક લોકો જાતે કામ કરી તેને પરાવલંબી બનાવે છે. તેઓ તેમના હિતેચ્છુ નહીં પણ શત્રુ બને છે. આવી સામાન્ય મસજ

(અનુસંધાન પૃષ્ઠ ૧૭ ઉપર)

# બાળકોને દશ્યાંકન કરતાં કરીએ

- ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તેથી આ જ્ઞાનેન્દ્રિયોને રૂપ, શબ્દ, રંગ, ગંધ, રસ અને સ્પર્શના ઈન્દ્રિયાનુભવો પ્રત્યક્ષ રીતે આપવાથી ભાષા શીખવી શકાશે.

બાળક જન્મતાં જ જોતું રહે છે. તે આ જગતમાં આવીને નવું નવું જોઈને આનંદાશ્ચર્ય પામે છે. જે જુએ છે તેને ઓળખવાનો પ્રયાસ કરે છે. આ ક્રિયા તેને જ્ઞાનોપાર્જન માટે ઉપયોગી બની રહે છે. જોઈને જ્ઞાન મેળવવાના પ્રયાસો કરનારને આગળ વધવાનો માર્ગ મળે છે. ન્યૂટને ઝાડ ઉપરથી ફળને નીચે પડતું જોવું અને વિચાર આવ્યો કે તે નીચે શાથી પડ્યું? કેમ ઉપરના ગયું? આ વિચાર તેને શોધ તરફ દોરી જઈને ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતની રજૂઆત કરવામાં સફળતા બક્ષે છે. આમ આ પ્રસંગ પરથી કહી શકાય કે 'જેને આંખ હોય તે જુએ.' આંખ બધાંને મળી છે પણ જે જુએ છે, વિચારે છે, સિદ્ધ કરવા પ્રયાસ કરે છે તે જ પામે છે.

ભાષા આંખ વડે ગ્રહણ કરાય છે. એટલે ભાષા એ દશ્ય સ્વરૂપ છે. લિખિત ભાષા દશ્ય છે. લેખન અને વાચનમાં ભાષાના અદશ્ય સ્વરૂપનો ઉપયોગ થાય છે. આ ગૌણ સ્વરૂપ છે. છતાં લેખનકળા અને મુદ્રણકલાને લીધે ભાષાનું દશ્ય સ્વરૂપ ટકાઉ અને વ્યાપક છે. દશ્ય સ્વરૂપ સિવાય જીવન વ્યવહાર ચલાવવો મુશ્કેલ છે. સાંસ્કૃતિક વારસાના હસ્તાંતરણમાં અને તેના સંવર્ધનમાં દશ્ય સ્વરૂપનો ફાળો વિશેષ છે. મુખમુદ્રાઓ અને હાથ, માથું વગેરેના હલનચલન અને ચેષ્ટાઓ દ્વારા પણ માણસ વિવિધ અર્થો પ્રતિપાદિત કરે છે. બહેરાં અને મૂંગા લોકો ચેષ્ટાઓ અને મુખમુદ્રાઓ દ્વારા પ્રત્યાયન કરે છે. વર્ગમાં શિક્ષકની ચેષ્ટાઓ, મુખ-હાથ-આંખ વગેરેના હલન-ચલન, હાવભાવથી વિદ્યાર્થીઓને ઘણાં સ્પષ્ટીકરણો કરાવી શકાય છે. લખવા-વાંચવાના અર્થમાં ભાષાના દશ્ય સ્વરૂપનું શિક્ષણ આપીને ભાષામાં સમર્થતા બક્ષી શકાય તેમ છે ત્યારે બાળકોને દશ્યાંકન કરતાં કરવા તે જરૂરી જ નહીં અનિવાર્ય છે.

**દશ્યાંકન કરતાં કરવા શું કરીશું?**

ભાષા શીખવા માટે જોવું - દશ્યનું અંકન કરવું - જે જોયું તેને પારખવું ખૂબ જ અગત્યનું છે ત્યારે બાળકોને દશ્યાંકન કરતાં કરવા અનિવાર્ય છે. જે જુએ તેને સમજીને પરખ કરીને કહે ત્યારે તેણે દશ્યાંકન કર્યું કહેવાય.

બાળક ભાષા શીખવાની શરૂઆત શ્રવણ દ્વારા કરે છે. આ માટે જે બીજા બોલે છે તેને સાંભળીને, અનુકરણ કરીને ભાષા બોલતાં

શીખે છે. જ્યારે બાળક શાળામાં દાખલ થાય છે ત્યારે ભાષા અધ્યયનની ઔપચારિક પ્રક્રિયા શરૂ થાય છે. બાળક વાંચતા-લખતાં શીખે છે. પોતાની ભાષાના કથિત સ્વરૂપ અને શિષ્ટ લેખિત સ્વરૂપ વચ્ચે રહેલાં અંતરનો તે શાળામાં અનુભવ કરે છે. ભાષાના શ્રાવ્ય સ્વરૂપનું દશ્ય સ્વરૂપ ઔપચારિક રીતે શાળામાં શીખે છે. ત્યારે દશ્યાંકન કરતાં કરવા તે ખૂબ જરૂરી છે. દશ્યાંકન કૌશલ કેળવવા માટે નીચે જેવી પ્રવૃત્તિઓ કરવી જોઈએ.

**(૧) દશ્ય ભેદ પરખ :** બાળકોને જુદી જુદી વસ્તુઓ, આકૃતિઓ, ચિત્રો બતાવીને તેમાં રહેલું સરખાપણું અને અસમાનતા શોધાવવી જઈએ. તે જોઈને સરખાપણું કે અસમાનતાની પરખ કરી શકે તે જરૂરી છે. એક આપેલી આકૃતિના જેવી જ સાથેની બીજી ચાર કે પાંચ આકૃતિમાંથી સરખા આકારવાળી આકૃતિ શોધી કાઢવાનું - શોધીને બતાવવાનું કહી શકાય.

**(૨) આકૃતિમાંથી આકૃતિ શોધે :** બાળકોને એક આકૃતિ બતાવવામાં આવે અને તે આકૃતિમાંથી તેમાં સમાવેલી બીજી નાની નાની આકૃતિઓને અલગ બતાવીને તે આકૃતિઓ શોધાવવી જોઈએ. જે તે બતાવેલી આકૃતિઓ શોધી શકે તો તેનું દશ્યાંકન સારું છે. તેમ કહી શકાય.

**(૩) અનેકમાંથી એક બનાવો :** કોઈ આકૃતિ કે મૂર્તિ કે પ્લાસ્ટિકથી ઢીંગલી વગેરેના જુદા જુદા ભાગ કરી દેવા અને તે અનેક ભાગોમાંથી જોડીને તે આકૃતિ, મૂર્તિ કે ઢીંગલી બનાવે તેવી પ્રવૃત્તિ કરાવવી જોઈએ. આ કરાવવાથી તે આકારનું દશ્યાંકન કરશે. તેને પારખીને જ તે જોડી શકશે.

**(૪) જોઈને સર્જન કરે :** કોઈ આકૃતિ કે ચિત્ર જોઈ, એ તે દોરે. કોઈ ઝાડને જોઈને તેવું ચિત્ર તૈયાર કરે. કોઈ પ્રયોગનું નિદર્શન દ્વારા તે પ્રયોગની આકૃતિ દોરે. આમ તે જોઈને તેમાં પ્રતિકૃતિનું સર્જન કરે તો તેનું દશ્યાંકન દઢ બને છે.

**(૫) વસ્તુ ઓળખ પ્રવૃત્તિ :** (દશ્ય સ્મૃતિ ફલક વિસ્તાર અંગેનો મહાવરો) જોયેલી વસ્તુઓ, ચિત્રો, આકૃતિઓને સ્મૃતિમાં રાખીને ઓળખવાની ક્રિયા એટલે દશ્ય સ્મૃતિ ફલક. આ માટે બાળકોને પશુ-પક્ષી, વસ્તુઓ, મૂળાક્ષરો, શબ્દો બતાવીને તેમાંથી કેટલું યાદ રાખીને ઓળખી શકે છે. તેવી ચકાસણી અંગે રમત રમાડવી જોઈએ. બાળકોએ કેટલાંક પશુ-પક્ષી, વસ્તુઓ જોઈ હોતી નથી. તે બતાવવી ખાસ જરૂરી છે. મૂળાક્ષરોની ઓળખ કરાવવી પણ જરૂરી છે.

**(૬) વર્ણ ઓળખ :** ભાષાના વર્ણોની ઓળખ કરાવવી જરૂરી છે. બાળક બોલે છે ખરો પણ વર્ણને ઓળખતો નથી. આથી દરેક વર્ણ માટે પાંચ કે તેથી વધુ આકૃતિઓ-ફોટા દર્શાવીને વર્ણની ઓળખ કરાવવી જોઈએ. દા.ત. 'ક'ની ઓળખ માટે બાળકોએ જોયેલી વસ્તુના ચિત્રો બનાવીને તેમાં 'ક' શોધાવવો. ખાસ કરીને શબ્દમાં પ્રથમ જ 'ક' આવે તેવા

ચિત્રો બતાવવા. દા.ત. 'ક' માટે કડછી, કડાઈ, કડું, કથરોટ, કમળ, કપચી, કપડું, કબૂતર (કપોત) કમાડ, કર, કરવત, કલમ વગેરેના ચિત્રો બતાવી શકાય.

**(૭) ભાવ નિર્દશન પ્રવૃત્તિ :** બાળકો મુખ ઉપરના ભાવો જોઈને, શારીરિક ચેષ્ટા આધારિત ભાવો જોઈને ભાવની પરખ કરી શકે. કરુણભાવ દર્શાવતી મુખાકૃતિ, સંતોષભાવ દર્શાવતી મુખાકૃતિ, વિવિધ અભિનય દ્વારા આંશિક ભાવ દ્વારા પણ ભાવનિર્દેશન થાય છે. આ માટે બાળકોને વિવિધ ભાવ દર્શાવતા દશ્યો દર્શાવી શકાય. શિક્ષક જાતે પણ ભાવ નિર્દેશન કરી શકે. સાથોસાથ વિદ્યાર્થીઓ પાસે પણ તેમ કરાવી શકાય.

**(૮) વર્ણ-ભેદ ઓળખ :** ગુજરાતી ભાષામાં જે વર્ણો છે, તેમાં કેટલાંક વર્ણોના આકાર જાણીને ભેદ પારખી શકાય છે. આમ તો બધાં જ વર્ણોના આકાર જ તેમની ઓળખ થાય છે પણ કેટલાંક વર્ણો જેવા કે ટ - ડ, ઢ - ઠ, પ - ય, ળ - ણ, જ્ઞ - ક્ષ, જ - ઝ, વગેરે તેના આકાર પરથી જ ઓળખી શકાય છે. ઉચ્ચારણ પણ ઓળખ આપે છે. છતાં લખવામાં કેટલીકવાર ભૂલો થાય છે તે ન થાય તે માટે વર્ણ જોઈને ભેદ પારખે તેવી પ્રવૃત્તિ કરાવવી જોઈએ.

**(૯) દશ્ય એકાગ્રતા મહાવરો :** જે જુએ તે એકાગ્ર થઈને, ધ્યાનથી જુએ તે જરૂરી છે. એકાગ્રતાથી-ધ્યાનથી જોયેલ દશ્યો વિશે તે વધુ સારી રીતે સમજી શકે છે. શિક્ષણમાં ચાર્ટસ, ચિત્રો, નકશા વગેરે દર્શાવવાના હોય છે ત્યારે તે એકાગ્રતાથી જોવાની વૃત્તિ વિકસી હોય તો તે સારી નિરીક્ષણ કરીને, સમજીને જે તે દર્શાવી શકશે. આ ઉપરાંત ભાષામાં વાચન-લેખનમાં એકાગ્રતા કેળવી શકશે. આ માટે ચિત્રના ભાવ, શિલ્પના ભાવ, દર્શાવવા કહી શકાય. ચિત્રનું વર્ણન કરવા, આકૃતિમાં શું શું છે તે દર્શાવવા કહી શકાય.

**(૧૦) શબ્દ ભેદ ઓળખ :** શબ્દોમાં ભેદ રહેલા છે. એક વર્ણ બદલાય તો પણ અર્થ બદલાય જાય છે. આ માટે તેવા શબ્દો પસંદ કરી, તેના અર્થ પૂછીને તેમાં ભેદ દર્શાવી શકાય. દા.ત. પાણિ-પાણી, સુરત-સૂરત, આણી-કાણી-વાણી-શાણી-જાણી, ભીમ-જીમ-ટીમ-રીમ, કમર-મકર-રકમ વગેરે.

**(૧૧) દૃષ્ટિ - ધ્વનિ ફલક :** મૌખિક વાચન દરમિયાન જે શબ્દનો ઉચ્ચાર થાય છે તે શબ્દની જમણી તરફ આવેલા કેટલાંક શબ્દ ઉપર આંખની દૃષ્ટિ હોય છે. આમ, ઉચ્ચાર અને દૃષ્ટિ વચ્ચે એક પ્રકારનું ફલક રચાય છે. તેને દૃષ્ટિ-ધ્વનિ ફલક અથવા ધ્વનિ-દૃષ્ટિ ફલક કહે છે. આ દૃષ્ટિ-ધ્વનિ ફલક સારું હોય તો વાચન ઝડપ વધે છે. આ માટે બાળકોને સરળ વાચન, કઠિન વાચન કરાવી શકાય. સરળ વાચન એટલે પરિચિત શબ્દો આવતા હોય તેવા ફકરાનું વાચન, મધ્યમ વાચન એટલે પરિચિત વધુ અને અપરિચિત શબ્દો ઓછા હોય તેવું વાચન અને કઠિન વાચન એટલે

પરિચિત શબ્દો ઓછા અને અપરિચિત શબ્દો વધુ હોય તેવું વાચન. આ કરાવવાથી દૃષ્ટિધ્વનિ ફલકમાં સુધારો થશે.

**(૧૨) શબ્દભંડોળ વિકાસ રમતો :** જોઈને વાચવાનું-સમજવાનું છે. જે શબ્દોને ઓળખે છે, શબ્દોના અર્થ જાણે છે, તે જ ઝડપી વાચન કરી શકે છે સાથે અર્થગ્રહણ કરી શકે છે. શબ્દભંડોળ વધારવામાં વાચન મહત્ત્વની પ્રવૃત્તિ છે. વિદ્યાર્થીઓ જુદા જુદા પુસ્તકો વાંચે અને તેમાં આવતાં અપરિચિત શબ્દોને ઓળખે - તેનો અર્થ શોધીને સમજે તેવું કાર્ય કરાવી શકાય. આ માટે વિવિધ શબ્દ રમતો પણ રમાડીને શબ્દ ભંડોળ વિકસાવી શકાય.

આમ ઉપરોક્ત પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનું દશ્યાંકન કૌશલ વિકસાવવાથી ભાષા વાચન અને લેખનને સારુ બનાવી શકાશે. તેની સાથોસાથ અન્ય કૌશલો વિષય શિક્ષણોમાં પણ ઉપયોગી બનશે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ થી ચાલુ)

ન હોય તો સમાજ નબળો અને માયકાંગલો બની જાય. આખરે સમાજ તો વ્યક્તિઓનો બનેલો છે. સમાજને આગળ વધારવાની અને વિકાસ કરવાની જવાબદારી નાગરિકોએ નિભાવવાની છે. આ સંજોગોમાં ગાંધીજીએ સાચું જ કહ્યું છે; ''મેં મારી રચનાકાર્ય કરવાની શક્તિ વિષેની સઘળી પ્રતિષ્ઠા ગુમાવી બેસવાનું જોખમ વહોરીને પણ કહેવાની હામ કરી છે કે કેળવણી સ્વાવલંબી હોવી જોઈએ.''

(સંદર્ભ : ભગવદ્ગોમંડળ, પા. ૯૦૬૩)

સ્વાવલંબનના સંસ્કાર પાડવાનું અને તેને ખિલવવાનું શિક્ષણ ઘરે મમ્મી-પપ્પાએ આપવાનું છે. સંતાન જે 'સ્વ'થી કરી શકે તેમાં તેને સંપૂર્ણ સ્વતંત્ર પૂરું પાડવાનું છે. સ્વાવલંબનના સંસ્કાર નાખવાનું પાયાનું કાર્ય તો ઘરના વડીલોએ નિભાવવું જ પડશે. તો ત્યારબાદ શિક્ષણ સંસ્થામાં જતી વ્યક્તિને જાતે કાર્ય કરવાની કેળવણી આપવાની જવાબદારી સારસ્વતોએ નિભાવવાની છે. કુટુંબ અને શિક્ષણ સંસ્થાના સહિયારા પ્રયત્નો જ વ્યક્તિમાં સ્વાવલંબનના સંસ્કારો વિકસાવી શકશે.

આચમન :

''એને શું રોકી શકવાનું અંધારાનું તાળું..?
જે રાખે પોતાની પાસે પોતાનું અજવાળું...''

- કૃષ્ણદવે

❀ ❀ ❀

બીજી બધીયે સ્વતંત્રતા કરતાં જ્ઞાન, વિચાર, માન્યતા અને મુક્ત વિચાર પ્રાકટ્યની સ્વતંત્રતાનું મહત્ત્વ મારે મન સૌથી વધારે છે.

- મિલ્ટન

❀ ❀ ❀

નિરંતર જાગતો રહે એવી શરતે ભગવાન માણસને સ્વતંત્રતા આપે છે.

- જોન કરન

❀ ❀ ❀

# આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ

**આઝાદીનો હું ભયાનક રસ છું.**

**- પાલખીવાલા અમિતા મનુભાઈ**

આઝાદીના ઈતિહાસનું કલંકિત અને શરમજનક પાનું આ લેખમાં વાચકો સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે. જે પ્રજા ઈતિહાસમાંથી કંઈ શીખતી નથી ત્યારે ઈતિહાસનું પુનરાવર્તન થાય છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સંઘર્ષની વિવિધ ઘટનાઓ, બલિદાનો અને આઝાદીના ગર્ભમાં છૂપાયેલા વિવિધ ઘટકો-નવરસમાં નિરૂપણ કરતી આ શ્રેણી વાચકોને જરૂર ગમશે. **- તંત્રી**

**ભાગ-૨**

ઈન લકીરોને હમકો સતાયા બહુત
ઈન લકીરોને હમકો લડાયા બહુત
ઈન લકીરોને હમકો જલાયા બહુત
ઈન લકીરોને હમકો રુલાયા બહુત.

આઓ, લકીરેં મિટા દે, આઓ લકીરેં મિટા દે.

યે તો પાક ઔર ભારત મેં જૈસે પડી
હિંદુ, મુસ્લિમ, શીખ કી ચડાઈ બલિ
યે તો અમૃતસર મેં લાહૌર મેં ભી
યે તો બંગાલ બંગલા પે બિજલી પડી.
યે તો બહનો કી ઈજ્જત કો લે કે રહી
યે તો માસૂમ બચ્ચો કો ફાંસી હુઈ
યે તો હિંસા મેં જલતી લકીરેં,
આઓ લકીરેં મિટા દે.

- વિનય મહાજન

આઝાદીના ગર્ભમાં રહેલો હું ભયાનક રસ છું.

આમ તો તમે મને ક્યાંક તો આ પહેલાં જોયો હશે.

કોઈવાર પૂર્વમાં ને કોઈવાર પશ્ચિમમાં,

ક્યારેક શહેરમાં તો ક્યારેક વળી ગામડામાં,

વસતીમાં ને વેરાનમાં

ક્યારેક મહોલ્લાઓમાં તો ક્યારેક પરાંઓમાં

કોઈવાર ભેંકાર ભૂતાવળમાં

ધિક્કાર, કડવાશ, આવેગ, આંધી, તોફાન..

તમે મને ક્યાં શોધશો?

મારા તો હાથ પણ બંધાય તેવા નથી.

કારણ કે હું તો લોકોના હૈયાની ભીતરમાંથી જાગું છું.

મારો કેવળ ઈતિહાસ છે, ભૂગોળ નથી..

જો ઈતિહાસની ભૂલોમાંથી તમે

કંઈ શીખતા હોવ તો,

મારો ઈતિહાસ ભણાવવાની તમને છૂટ છે.

૧૯૪૭ ઑગસ્ટ ૧૫ : અંગ્રેજીમાં ઑગસ્ટનો અર્થ પવિત્ર થાય છે. પંદરમી ઑગસ્ટ, ભારતનો સ્વાતંત્ર્ય દિન-અતિ પવિત્ર દિવસ. બીજા શબ્દમાં કહીએ તો 'ઓગસ્ટી પૂનમ'

આ દિવસે બેબિલોન, ગ્રીસ કે રોમનાં

મહારાજ્યોને પણ વામણાં બનાવી નાખનાર બ્રિટિશ સામ્રાજ્ય પાસેથી ભારતીય ઉપખંડની અર્ધભૂખી પ્રજાએ સ્વાધીનતા પ્રાપ્ત કરી. આપણી આ સિદ્ધિથી ચાર સદીઓના શાહીવાદી યુગનું એક પ્રકરણ સમાપ્ત થયું અને પૃથ્વીના ત્રીજા ભાગની વસતીના ઉત્થાનનું પ્રકરણ શરૂ થયું. પણ આ સિદ્ધિ વિભાજનની વિભિષકાને સાથે લઈને આવી. આમ તો હું ભસ્મીભૂત થઉં એવો દેશ નથી. મને જમીનદોસ્ત કરો એવી હું ભીત નથી અને તમે મને ભૂંસી શકો એવો હું સીમાડો પણ નથી. પણ બ્રિટિશ ઈન્ડિયાને ભારત અને પાકિસ્તાનમાં વહેંચવામાં આવ્યું અને કલહ અને સુલેહના બે અંતિમ બિંદુઓ વચ્ચે હું ઊભો રહ્યો.

બ્રિટિશ વકીલ સિરિલ રેડક્લિફે ભારતીયોના આંસુ અને લોહીથી નકશા પર ખેંચેલી વિભાજન રેખાએ સર્જેલા રમખાણોમાં આઠ લાખથી વધુ મુસ્લિમો, હિન્દુઓ અને શીખો માર્યા ગયા હતા. વધુમાં એક લાખ ચાલીસ હજારથી વધુ લોકો શરણાર્થી બન્યા હતા. આથી જબરજસ્ત શરણાર્થી કટોકટી ઊભી થઈ હતી, તો કેટલાંય શરણાર્થીઓ વિભાજનની એ લાલ લીટીને પાર કરતાં પહેલાં જ પોતાની જિંદગીથી હારી ગયા. ભાગલા દરમિયાન ભય અને કડવાશથી, ધિક્કાર અને આવેગથી વિસ્થાપિત થયેલા એક કરોડ વીસ લાખ લોકો પૈકી ઘણાં ખરા લોકો ટ્રેન, વાહનો, ગાડાં કે પછી પગપાળા - આંધી, તોફાન, પ્રકૃતિનો કોપ આ બધાંનો માર ખાતા પોતાની જિંદગી બચાવવાની ચિંતામાં પ્રવાસ કરતાં ચાલી નીકળ્યા હતાં. લાખો લોકો બે નવા રચાયેલા દેશો વચ્ચેની નવી રેડક્લિફ લાઈનને પાર કરી ગયા. આ કોઈ એક દેશનું વિભાજન નહોતું. માનવતાનું વિભાજન હતું. માનવ સભ્યતાનું વિભાજન હતું. આપણી હજારો સાલ જૂની સભ્યતાનું વિભાજન હતું અને આપણી વસુધૈવ કુટુમ્બકમ્‌ની અવધારણા (નિશ્ચય)નું વિભાજન હતું.

પોતાના મકાનો, પૂર્વજો, પૈતૃક ભૂમિમાં રહેવાવાળાને એક જ રાતમાં પલાયન થવું પડ્યું હતું. એકવાર રેખાઓ સ્થાપિત થઈ ગયા પછી લગભગ ૧૪.૫ મિલિયન લોકોએ તેમની ધાર્મિક બહુમતીથી સલામતીની આશા રાખી હતી. તે માટે સરહદો ઓળંગી પણ નવી સરહદની બંને બાજુએ ભારે હિંસા થઈ. હજારો લોકો મૃત્યુ પામ્યા. મુસ્લિમો પાકિસ્તાન તરફ અને હિંદુઓ અને શીખોએ ભારત તરફ સ્થળાંતર કર્યું. નફરત અને હિંસાને લીધે લગભગ ૨ લાખથી વધુ લોકો આમાં માર્યા ગયા. રસ્તાની આજુબાજુ કપાઈને, હત્યા કરવામાં આવ્યા પછી કૂવામાં ફેંકાઈને, ગામડાંઓમાં અને ઘરોમાં લગાવવામાં આવેલી આગમાં ભસ્મીભૂત થઈને કેટલી લાશો હશે તેની ગણતરી જ

કલ્પનાતીત હતી. અસંખ્ય પરિવારો વિસ્થાપિત થયા. ધર્મની ધજાઓ હેઠળ દેશની ધરતીના ભાગલા થયા હતા. જે બાબતો માટે ગાંધીજીએ પોતાનું જીવન બક્ષ્યું હતું, તે જ બાબતોનો હ્રાસ થઈ રહ્યો હતો. આ બધાની કિંમત પર આપણે ૧૫મી ઑગસ્ટ મેળવી છે. જે દિવસની આપણે રાહ જોઈ હતી તે આપણાં માટે દોજખ સમી નીવડી.

ભારત વિભાજનની માંગ ઑલ ઈન્ડિયા મુસ્લિમ લીગ દ્વારા કરવામાં આવી રહી હતી. તેની સાથે ગાંધીનું રોમરોમ આક્રંદ કરી રહ્યું હતું. તેમણે વારંવાર કહ્યું હતું કે, ''હિંદના ભાગલા કરતાં પહેલાં તમારે મારા શરીરના ભાગલા કરવા પડશે.'' ભારત રાષ્ટ્રધર્મો, સંપ્રદાય, જાતિઓ, પેટા જાતિઓ, સમુદાયો અને સંસ્કૃતિઓની વિવિધતાથી બનેલું છે. ગાંધી, અબ્દુલગફાર ખાન, મૌલાના આઝાદ, પુરુષોત્તમદાસ ટંડન વગેરેએ ભારતના ભાગલાનો વિરોધ કરવા સક્રિયપણે કામ કર્યું હતું. પણ આ બધામાં વિધિની વિચિત્રતા એ હતી કે એક જ હિંદુસ્તાની નેતાએ વિભાજનના ખતરાના ગંજારવ પરિણામો ભાખ્યાં હતાં, અને ભાગલા પડતા રોકવા માટે ભારે પ્રયાસ કર્યા હતા. દેશના મિજાજનો તાગ પામવાની તેમનામાં અજોડ શક્તિ હતી. પરંતુ ઑલ ઈન્ડિયા મુસ્લિમ લીગના નેતા મહમ્મદ અલી ઝીણાંએ કાં તો વિભાજિત ભારત અથવા તો નાશ પામેલા ભારતની માંગણી કરી હતી. ૧૮૫૭માં જિંદગીની અણમોલ ચીજ રોટીની સોગંદ પર લોકોએ ખભેખભા મિલાવવાની પ્રતિજ્ઞા કરી હતી. પણ જાણે પોતાના માતાના ગર્ભમાં રહ્યાં રહ્યાં જ આપણે એકબીજાને ચીરીને ટુકડા કરવા તૈયાર હતા.

દિલ્હીના ઔરંગઝેબ રોડ પરની શાહી મહેલાતોમાં જૂની દિલ્હીના ચાંદની ચોક વિસ્તારમાં, અમૃતસરના મહોલ્લાઓમાં, લાહોરના ભવ્ય પરાઓમાં, રાવલપિંડીના બજારોમાં, પેશાવરના કિલ્લેબંધ શહેરમાં, દુકાનોમાં, ઝૂંપડાઓમાં, ગામડાંઓની નાનકડી ગલીઓમાં, નિભાડા અને ફેક્ટરીઓમાં અને ખેતરોમાં, રેલવે સ્ટેશનો પર અને ચાની દુકાનોમાં, જ્યાં પેઢીઓથી એકબીજી કોમો સંપથી અડખેપડખે રહેલી હતી, ત્યાં જ એ કોમો એકમેક પર ઝનૂનથી, ધિક્કારથી ત્રાટકી હતી. આ એકાએક આવી પડેલું ભંગાણ હતું. એક બિહામણા કૃત્યમાંથી તરત બીજું જન્મતું, એક અત્યાચારની સામે બીજો જડબેસલાક અત્યાચાર ઊભો થતો. સિંધુ અને ગંગાના નીરમાં, હિંદની ધરતી પર, હરિયાળા ખેતરો અને કસબાઓમાં લાખો લોકોનું લોહી રેડાયું. સ્વાતંત્ર્ય સંગ્રામની એક સદીમાં ન વહ્યું હોય તેટલું વહેતું થયું. ભયાનક ભૂતાવળ સમી હેવાનિયતની અગનઝાળ ભભૂકી.

અમૃતસરમાં તો પાવડા, કોશ, કોદાળી, ધોકા, છુરા, પિસ્તોલ કે લોખંડના દાંતાના

બનાવેલા વાઘના પંજાઓ જેવા જે સાધનો હાથમાં આવ્યા તે લઈને ગંજાવર ટોળાં સામસામે થતાં હતાં. નિર્જન સૂમસામ રસ્તાઓ, રસ્તા પર સળગતો પડેલો ભંગાર, ઈંટ, પથ્થરો, લાકડાં, પાઈપ, કાકડા ક્યાંક કિલોમીટર સુધી પથરાયેલા હોય. ગામડાં ગામમાં મકાન અને દુકાનોના ખેદાન-મેદાન કાટમાળ. ન જાણે કેટલાંક ગામડાઓ ઉજાડી ગયા, ન જાણે કેટલાં ઘરોમાં ચૂલા પર ચડેલી ચાની તપેલી ઉતરતા પહેલાં તો ઘરવાળાઓ હતા ન હતા થઈ ગયા હોય. માણસો, ઘરો અને એમના સપનાંઓ સળગી રહ્યાં હતાં. ટોળાથી ડરી ગયેલી પોલીસ પણ અદશ્ય થઇ ગઈ હતી.

ચારેબાજુ કત્લેઆમ... માનવીની પાશ્વીતાની પરાકાષ્ઠા. દરેક જગ્યાએ નબળા અને નિઃસહાય લોકો જ સપડાયા હતા.

ક્રૂરતા, હત્યાઓ રોજિંદો વ્યવહાર બની ગઈ હતી. અમૃતસર સ્ટેશનના પ્લેટફોર્મ પર ટિકિટબારીઓ અને પ્રતિક્ષાલયની આસપાસ લોકો પોતાના ખોવાયેલા સગાઓને અને મિત્રોની તલાશ કરતા. તેના લાલ ઈંટો વાળા સ્ટેશન પર તો, જેવી ટ્રેન આવતી કે લોકો બૂમાબૂમ કરતા, ધક્કામુક્કી કરતા, પડતા આખડતા, આંસુ સારતા ડબ્બે ડબ્બે જઈને પોતાના સગાં-વ્હાલા શોધતા. ટ્રેનના ડબ્બાઓની ફરસ પર માનવ મડદાઓની થપ્પીઓ... કેટલીય લાશો તો શહેરમાં ઠેરઠેર રઝળતી હતી. શહેરના મોટાભાગના વિસ્તારો ઈંટો અને ભંગાર જેવા બની ગયા હતા. એ ખંડેરોમાંથી નીકળતો ધુમાડો આકાશમાં ઊડતો હતો. કત્લેઆમ પૂરી થાય તે પહેલાં તો ખંડેરોની દીવાલો પર ગીધડા પાંખ પસારીને બેસતા હતા. એ ખંડેરોમાંથી સડતાં મડદાંઓની બદબૂ ફેલાઈ રહી હતી. સેંકડો લોહી ભીના લોકોની લાશો નહેરમાં તરતી હતી. ચીસો, આર્તનારો અને દેકારાથી આખું વાતાવરણ ભયાનક બની ગયું હતું. આવો હાહાકાર તો ક્યારેય સર્જાયો ન હતો. બીજા વિશ્વ યુદ્ધમાં રણમોરચે ચાર વર્ષમાં જેટલા અમેરિકનો માર્યા ગયા હતા તેનાથી અડધા હિંદવાસીઓ તો છ અઠવાડિયામાં મોત પામ્યા હતા. બેબસ સિંધુ, સતલજની ઘાટીમાં પાણીથી વધારે તો લોહી વહી રહ્યું હતું. આજે જ ન્યૂયોર્ક ટાઈમ્સના જુદા પત્રકાર રોબર્ટ કેમબુલે કહ્યું કે હિન્દમાં વરસાદ કરતાં વધુ લોહી વરસે છે. અને એક માણસ જ્યારે બીજા માણસનું લોહી ચૂસે છે, ત્યારે શોષણ સારીએ ય સીમાઓ પાર કરી જાય છે.

સેંકડોની સંખ્યામાં રઝળતા શબો, હજારોની સંખ્યામાં આંખ, પગ કે હાથ વગરના હિંદવાસીઓ, આમાનુષી ઈજાઓથી તરફડતા લોકો, લોકોમાં જાણે જંગલીયતની હરિફાઈ માંડાઈ હતી. હિંદના ભાગલાને કરૂણતામાં હજારો સ્ત્રીઓ પર બળાત્કાર, અપહરણથી તો સમગ્ર વહીવટીતંત્ર પણ સ્તબ્ધ, સ્થગિત અને

અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.

પંજાબમાં વસ્તીના આધારે કે ભૌગોલિક ચિહ્નોને લક્ષમાં લઈને સીમારેખા નક્કી કરવાનો પ્રશ્ન હતો. બંન્ને રીતે કરૂણતા સર્જાવાનો ભય હતો. નક્કી જ હતું કે કોઈપણ પ્રકારનો અહેવાલ પ્રસિદ્ધ થતાં જ ભયાનક લોહી રેડાશે અને હત્યાકાંડ થશે જ, અને એમ જ થયું. પંજાબ માટે એ રક્તરંગી સવાર હતી. વિભાજનની આંધીના એંધાણને પામી જનાર થોડાંક લોકો, નિઃસહાય લોકો પંજાબની નહેરોને કિનારે કિનારે તેમની ધરતી પરના ધૂળિયા રસ્તે, આછી પગરવટો પરથી, ધોરી માર્ગો પરથી, મોલભર્યા ખેતરોમાંથી ચાલી નીકળ્યા હતા. માણસો, ઘરો એમના સપનાંઓ સળગી રહ્યાં હતાં. વિભાજનનું આ પાગલપણું આઘાતજનક હતું. પંજાબમાં હત્યાકાંડે વિરાટ સ્વરૂપ ધારણ કર્યું હતું. લોકો લાકડીઓ, હૉકી સ્ટીક્સ, દાંતીઓ, ધોકા, છૂરી, ડંડા, તલવારો, હથોડા,ઈંટો, બેયોનેટની અણીઓ, બંદૂકની ગોળીઓ, ગાળિયો અને ધાતુના પંજાઓથી એકમેકનો વિનાશ કર્યો. ચારેબાજુ મોત મંડરાઈ રહ્યું હતું. મોત વીજળીની માફક આવતું અને એક ક્ષણમાં તો હત્યા થઈ જતી અને રસ્તા પર રઝળતી લાશ નજરે ચડતી. બધું કાબુ બહાર હતું. સ્વજનો, ઘર-રોજગાર ગુમાવી બેઠેલા બેબસ, બેસહાય હાડપિંજરોની બેનૂર આંખો અને યતિમ બાળકોની માસૂમ લાચાર આંખો, સૂનમૂન ચહેરા, આંખોમાંથી ઊભરાતી ઘોર નિરાશાને તીવ્ર વેદના, ક્યાંક છલકતો આક્રોશ, ભેદી સુનકાર, વિકરાળ નીરવતા, ભેંકાર શૂન્યતા, ઘર બધાં કબર લાગે, આખું શહેર ભસ્મીભૂત.' ભંગાર થઈ ગયેલાં ગામડાંઓ, ધણીધોરી વગરનાં ઊભેલા પાકથી ભરેલાં ખેતરો, નિર્વાસિતોની લંઘારની લંઘાર, શીખો અને હિંદુઓની પૂર્વ તરફ જતી કંગાલ વસ્તી, મુસ્લિમોની પશ્ચિમ તરફ જતી વણજાર... ભાગલાથી દોજખ સર્જાયું હતું. ચારેબાજુ અગનખેલ હતો. આઝાદ ભારત વૈમનસ્યની જ્વાળાઓમાં હોમાઈ ગયું હતું. એથી બીજી મોટી વિડંબના કઈ હોઈ શકે?

પશ્ચિમ પંજાબમાં નિર્વાસિતોથી ઊભરાતી છાવણીઓમાં હજારો લોકોની યાતનાઓના આર્તનાદ હતા. એકબાજુ ધ્વજ-પતાકાઓ લહેરાવતા ટોળાં તો બીજી બાજુ પોતાનાં સગાંઓનાં યાતનાભર્યા મોતના સમાચારો સાંભળીને શોકાતુર લોકોનો જથ્થો હતો. લાખો માનવીઓ માટે સ્વતંત્રતાનો દિવસ પારાવાર કરુણતાનો દિવસ બની રહ્યો.

ક્યારેક તો એવી પળ આવતી કે આમને સામને આવી પડેલા નિર્વાસિતોમાં ધિક્કારનો વંટોળ પેદા થતો અને એકાએક ધિંગાણાઓ સર્જાતા. જેના પરિણામ સ્વરૂપે લાહોરથી અમૃતસર સુધીના ૪૫ માઈલના રસ્તાઓ પર માનવ ઉકરડો સર્જાતો. તે રસ્તો ઉઘાડી કબર જેવો બની જતો. ગીધડાં પણ ખાઈ ખાઈને

એટલાં બધાં ધરાઈ ગયા હતાં કે ઊડી પણ શકતા નહોતાં. જે રાતની વર્ષોથી રાહ જોઈ હતી તેવીએ રાત કેટલાંય હિંદી પ્રજાજનો માટે તો દોજખ બની રહી હતી. જિંદગીભર ના ભૂલાય તેવા કરુણ દૃશ્યો, હિંસા, કત્લ, નિર્વાસિતોથી ઊભરાતી છાવણીઓ, હજારો લોકોની યાતનાઓના આર્તનાદ, અજંપો, રક્ષણની ભીખ માંગતા લોકો... લાહોર તો તાંડવના દૃશ્ય સમું બની રહ્યું. પોતાની સદીમાં અજોડ અને મૌલિક અહિંસાની ફિલસૂફી દ્વારા ગાંધીએ હિંદનો ચહેરો પલટ્યો હતો અને અત્યારે એ દિવ્ય વિજય મારી ભયાનકતામાં કરૂણતા બનીને રહી ગયો હતો.

એક લાખ કરતાં વધુ લોકો લાહોરના કિલ્લાની અંદરના વિસ્તારમાં ફસાઇ ગયા હતા. અને તેમનો પાણીનો પુરવઠો કાપી નાંખવામાં આવ્યો હતો. ભડભડતા ઉનાળામાં લોકો પાણી વગર ટળવળતા હતા. પોતાના ઘરોમાંથી બહાર આવીને એક લોટો પાણી માંગતી સ્ત્રીઓ પણ વેદના અનુભવતી હતી. લાહોરના રેલવે સ્ટેશન પર ભયાનક કત્લેઆમ ચાલી હતી. ભાગી જતા લોકોની કતલ થઈ હતી. લાહોરની ગટરોમાં લોહી વહેતું હતું. કેટલીયે શેરીઓ ભડકે બળતી હતી. રાતના લૂંટફાટ કરતાં લોકોના ઘર તોડવાના અવાજો ભૂતાવળ સમા ભેંકાર લાગતા હતાં. વૈમનસ્યનું ઝેર સમગ્ર લાહોરમાં પ્રસર્યું હતું. નકશાના ચિતરામણથી લાહોરના નૃત્ય મેળાવડાઓ, ઘોડાઓના ખેલ, ક્રિસ્ટમસનો ઝળહળાટ, દબદબાભરી સાંપ્રત સમાજની જિંદગીને બદલે તાપ, આંધી, હુલ્લડ અને આગથી ત્રસ્ત લાહોર જોવા મળ્યું. ચારેબાજુ ભારે આગના ધુમાડા, ભડકે બળતાં ગામડાઓ, આગજની આગમાં ફસાયેલાં જીવતા ભૂંજાયેલા લોકો... ત્યારે કુદરત પણ આ જોઈને શર્મશાર થઈ ગઈ હતી. વૃક્ષોમાં હલનચલન નહોતું, પૃથ્વીના ધાન્ય-કણ જેવા ધબકાર નહોતા, શૂન્યાવકાશમાં ગતિ નહોતી, ઘાસ હતું સૂક્કું શ્વેત અગ્નિ જેવું! લાહોરના રસ્તાઓ અને રેલવે માર્ગો બિનસલામત બની ચૂક્યા હતા. ચારેબાજુ જંગલિયત, ખૂન અને આગની રમઝટ હતી.

કલકત્તાની પરિસ્થિતિ જુદી હતી. ત્યાં કોમી રમખાણોની ભયાવહતાને રોકતા માટે માઉન્ટ બેટને મહાત્મા ગાંધીને તેમના ‘એક આદમીના સરહદી બળ’ તરીકે જવા વિનંતી કરી. પણ એક મુદત પછી તો કલકત્તામાં પણ લોકો પાગલ બનીને એકમેકને રહેંસી રહ્યાં હતા, પિશાચી બનીને આનંદ લૂંટી રહ્યાં હતા.

બંગાળ, પંજાબ, રાજસ્થાન, દિલ્હી, અમૃતસર, લાહોર, બલૂચિસ્તાન!!! કેટકેટલું ગણાવું કે જ્યાં એક બાજુ અંતિમ સંસ્કાર માટે તરસતી લાશો, અને બીજી બાજુ કાફલાઓ પર થઈ રહેલાં ભયાવહ હુમલાઓને સમગ્ર દુનિયા જોઈ રહી હતી. પણ જાણે બધાંની સંવેદના શૂન્ય થઈ ગઈ હતી. આ કોમી

એખલાસમાં સર્વત્ર ઇન્સાનિયત મરી પરવારી હતી. વિભાજનની આ રેખા માત્ર જમીન પર નહીં પણ લોકોના દિલો ઉપર પણ ખેંચાઈ ગઈ. લાખો જિંદગીઓ બરબાદ થઈ ગઈ, હજારો જિંદગીઓ જડમૂળથી ઉખડી ગઈ, નાશ પામી.

બ્રિટનને માટે જે દિવસ ખરેખર સૌથી ગૌરવવંતો બની શકે તે દિવસ વિકરાળ દુઃસ્વપ્ન જેવો બની રહ્યો. બ્રિટને હિંદ પર વિજય અને હકૂમત એટલા ઓછા લોહીથી વહેવડાવીને મેળવી હતી પણ બ્રિટિશ ઈન્ડિયાનું વિભાજન થતાં સાડા ત્રણ સદીમાં ન જોઈ હોય તેવી કત્લેઆમ થઈ. જેના મૂળમાં પરાપૂર્વના વિસંવાદ અને અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિ હતી. દાયકાઓ પછી પણ મારી જ આ ધરતી પર ઉદ્ભવેલી ગાથા કહેતાં ગળે ડૂમો ભરાઈ આવે છે. ક્રોધથી વ્યાકુળ બની જવાય છે. આ ઉલ્કાપાતની ધડકાવનારી યાદ મારા જીવનમાં એક ઘાની માફક જકડાઈ ગઈ છે. એક બનાવ બીજા બનાવ કરતાં વધુ હૃદયદ્રાવક હતો, તડકાવનારો હતો. આજે તો આપણને સ્વતંત્ર ભારતના વાતાવરણમાં બેસીને, મોતના આતંક વચ્ચે રહેતા લોકોનાં ખોફનો અંદાજ પણ ના આવે. ઈતિહાસ સાક્ષી છે કે માણસ હંમેશા ઘાતકી, યુદ્ધખોર, ધર્માંધ અને પાશવી જ રહ્યો છે. મારી કમનસીબી છે કે ઈતિહાસમાં લાલશાહીથી મારા પાના લખાયા છે. ભલે મારા માથા પર સ્વતંત્રતાનો સૂરજ આજે ચમકતો હોય, પણ તેનાં મૂળમાં તો મારી છાતીમાં શહીદોની સમાધિઓ છે, કરુણાંતિકાઓની કહાનીઓ છે. બહુ ઊંડા જખમ મળ્યા છે મને! હવે તો નવા જખમ ના લાગે એ જ મારે જોવાનું છે.

માત્ર ભારત જ નહીં પણ વિશ્વના નકશા પર તમે એક નજર કરશો તો જાપાન, જર્મની, પોલૅન્ડ, ઑસ્ટ્રિયા, ફિનલૅન્ડ, ડેન્માર્ક, ઇટલી, ગ્રેટ બ્રિટન, અમેરિકા, સોવિયેટ યુનિયન - વિશ્વના પાંચેય ખંડોના ૪૭ દેશોને સંડોવતા ભયંકર યુદ્ધમાં મારો સાક્ષાત્કાર હતો. પણ એ પછી વિજય હાંસલ થાય તો પણ શું?

જે વિજયથી શરમાવું પડે
એવા વિજયથી કાયમ દૂર રહેજો
અહંકારથી કે આવેશથી,
ક્રોધથી કે વેરથી,
હિંસાથી કે દ્વેષથી વિજય નથી મળતો
અને જો મળે તો પણ
એ વિજય
ગૌરવનું નહીં પણ શરમનું કારણ બની રહે છે
ઉદ્વેગનું અને ખિન્નતાનું કારણ બની રહે છે.

આથી જ તમને મારી વિનંતી છે કે જે જે અનુભવોમાંથી મારું સર્જન શક્ય છે તેનાથી તમે દૂર જ રહેજો.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ : શાળાકીય શિક્ષણમાં એક આદર્શ પરિવર્તન

- ડૉ. ભરત જોશી
'પાર્થ મહાબાહુ'

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (રાશિની) ૨૦૨૦ ભારતીય શિક્ષણ વ્યવસ્થાની વ્યાપક પુનઃકલ્પના દર્શાવે છે. તે ૧૯૮૬માં આવેલી શિક્ષણની રાષ્ટ્રીય નીતિ (NPE) પછી ૩૪ વર્ષના પ્રલંબ અંતરાલ બાદ હાથ ધરાયેલો પ્રયત્ન છે. ભારતમાં શિક્ષણ ક્ષેત્રે ગોખણપટ્ટીને ઉત્તેજિત કરતા અભ્યાસક્રમો, વિષયોના માળખામાં જડ રીતે બંધાયેલું શિક્ષણ, શિક્ષણ-પ્રાપ્તિની તકોમાં અસમાનતા અને શિક્ષણની નબળી અધ્યયન નિષ્પત્તિઓ જેવી ધ્યાનાર્હ બનેલી મર્યાદાઓ દૂર કરવાની અનિવાર્યતામાં આ રાશિની૨૦૨૦નાં મૂળિયાં પડેલાં જોઈ શકાય છે. ઝડપથી બદલાઈ રહેલા ટેક્નોલૉજીકલ લેન્ડસ્કેપ (પરિદશ્ય) અને જ્ઞાન-આધારિત વૈશ્વિક અર્થતંત્રની માગ અનુસાર ભારતને ભવિષ્યલક્ષી, સમાવેશી અને વિદ્યાર્થી કેન્દ્રિત શિક્ષણ નીતિની આવશ્યક્તા હતી. એવી નીતિ કે જે વર્તમાન સમય સંદર્ભે અનિવાર્ય કૌશલ્યો, વિવેચનાત્મક વિચારણા, સર્જનાત્મકતા, ડિજિટલ સાક્ષરતા અને સામાજિક ભાવનાત્મક ક્ષમતાઓથી અધ્યતાઓને સજ્જ કરતી વેળાએ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને મૂલ્યોને સાચવવાની ખેવના અને ચિંતા કરે.

સ્વતંત્ર ભારતમાં શિક્ષણ વ્યવસ્થાનો સમગ્રપણે વિચાર કરવાની પ્રથમ ઘટના એટલે રાષ્ટ્રીય શિક્ષણ પંચ યાને કોઠારી કમિશન (૧૯૬૪-૧૯૬૬). આ પંચની ભલામણોના આધારે સમગ્ર ભારતની શિક્ષણ વ્યવસ્થા બદલાઈ હતી. તેમાં રાષ્ટ્રીય સમન્વય, વિજ્ઞાન શિક્ષણ અને સમાનતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. તે પછી ૧૯૮૬માં શિક્ષણની રાષ્ટ્રીય નીતિ આવી, જે પાછળની ૧૯૯૨માં એક્શન પ્લાન્ટ સ્વરૂપે સુધારવામાં આવી. તે નીતિના કેન્દ્રમાં પ્રવેશ સમાનતા અને વ્યવસાયિક અને ટેક્નોલૉજીકલ શિક્ષણનો વિસ્તાર રહ્યા. આ નીતિઓએ નોંધણી એટલે કે એનરોલમેન્ટ અને સાક્ષરતા દરમાં વધારો કર્યો, પરંતુ તેણે વર્ગખંડની પ્રક્રિયાને બદલવાના અને અધ્યયન અસમાનતા ઘટાડવાના ક્ષેત્રે નોંધનીય અસર ન આપી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ રાશિની૨૦૨૦ આ પુરોગામી બિનકાર્યક્ષમતાને સુધારવાનો પ્રયત્ન કરે છે. આ માટે તેમાં માળખાકીય અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રીય સુધારાઓ કેન્દ્રમાં છે. તે ભારતીય શિક્ષણ વ્યવસ્થાને તેનાં બંધારણીય મૂલ્યો અને વૈશ્વિક ઉત્તમ વ્યવહારો એમ બંને સાથે તાલ મિલાવવાનું લક્ષ રાખે છે. રાશિની૨૦૨૦નો ઉદ્દેશ્ય ભારતને એક સમાન અને ગતિશીલ જ્ઞાન-સમાજમાં પરિવર્તિત કરવાની ભૂમિકા ભજવે તેવી, ભારતીય નૈતિકતામાં પાયો ધરાવતી શિક્ષણ વ્યવસ્થા

બનાવવાનો છે. બધા વિદ્યાર્થીઓ ત્રીજા ધોરણ સુધીમાં મૂળભૂત સાક્ષરતા અને ગણિત (FLN) શીખી લે, ડ્રોપ આઉટ દર ઘટે અને બહુવિદ્યાશાખાકીય, લવચીક અને સર્વાંગી અભિગમ દ્વારા અધ્યયન નિષ્પત્તિઓ સુધારે તે આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો હેતુ છે. રાશિન૨૦૨૦નાં દર્શનમાં પૂર્વશાળાકીય શિક્ષણથી ૧૨મા ધોરણ સુધી સાર્વત્રિક પ્રવેશ, ગુણવત્તાયુક્ત શિક્ષક શિક્ષણ તેમજ ટેક્નોલૉજી અને વ્યવસાયિક શિક્ષણના સમન્વયનો સમાવેશ છે. (NPE)એ ૨૦૨૦નું અંતિમ લક્ષ્ય માત્ર શૈક્ષણિક રીતે સક્ષમ જ નહીં પરંતુ સામાજિક રીતે જવાબદાર, વૈશ્વિક સ્તરે જાગૃત, અને આજીવન શીખવા માટે સક્ષમ હોય તેવા લોકો ઘડવાનું છે.

ભારતમાં શિક્ષણ ક્ષેત્રે આજે જે પડકારો છે, તેમાં ગોખણપટ્ટી-આધારિત શિક્ષણ, અસમાનતા, જૂના અભ્યાસક્રમો, જડ પરીક્ષા પ્રણાલી વગેરેનો સમાવેશ થાય છે. વિવેચનાત્મક વિચારણા, અનુભવલક્ષી શિક્ષણ અને સમાવેશી શિક્ષણને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પણ નોંધવા જેવી છે. ૨૯ જુલાઈ ૨૦૨૦થી માન્ય કરાયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આ દિશામાં ઉકેલો માટે નોંધપાત્ર ભલામણો કરે છે. આ ભલામણોની લાંબા ગાળાની કેટલીક અસરો અહીં દર્શાવી છે.

**શાળાકીય શિક્ષણમાં માળખાકીય સુધારા :**

રાશિની૨૦૨૦ની ભલામણોમાં શાળાકીય શિક્ષણ ક્ષેત્રે સૂચવાયેલો મુખ્ય ફેરફારો પૈકીનો એક એટલે ૧૦ + ૨ના સ્થાને ૫ + ૩ + ૩ + ૪નું માળખું. આ નવા માળખામાં ચાર પડાવ છે : (૧) એક પૂર્વ પ્રાથમિક (Foundation) ૩ થી ૮ વર્ષ, (૨) પ્રાથમિક (Preparatory) ૮ થી ૧૧ વર્ષ, (૩) ઉચ્ચપ્રાથમિક (Middle) ૧૧ થી ૧૪ વર્ષ, અને (૪) માધ્યમિક (Secondary) ૧૪ થી ૧૮ વર્ષ. જાણીતા મનોવિજ્ઞાની પિયાજે (૧૯૫૨) પણ જ્ઞાનાત્મક વિકાસના આવા જ તબક્કાઓ સૂચવે છે. આ માળખામાં પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ (ECCE)નું મહત્ત્વ પ્રસ્થાપિત થાય છે. પ્રથમવાર પૂર્વપ્રાથમિક શિક્ષણ રાષ્ટ્રીય શિક્ષણનાં ઔપચારિક માળખાનો હિસ્સો બને છે તે નોંધનીય ઘટના ગણાય. આ અર્થમાં પ્રાથમિક શિક્ષણનાં પ્રથમ બે વર્ષ હવેથી પૂર્વપ્રાથમિક તરીકે રહેશે અને ઉચ્ચતર માધ્યમિકના બે વર્ષો માધ્યમિક તરીકે રહેશે. આમ થવાથી આંગણવાડી, બાલવાટિકાઓ કે બાલમંદિરો ઔપચારિક શિક્ષણનાં કેન્દ્રો બની જાય છે. વધુમાં, ઉચ્ચત્તર માધ્યમિક સ્તર ન રહેતા, માધ્યમિક સ્તરે પ્રવાહ પસંદગીની જડતા ઘટે છે અને આંતરવિદ્યાશાખાકીય શિક્ષણને પ્રોત્સાહન મળે છે. અપેક્ષા એ છે કે આમ થવાથી ડ્રોપઆઉટ દરમાં ઘટાડો થઈ શકે છે.

**નૂતન અધ્યાપનશાસ્ત્ર :**

રાશિની૨૦૨૦ ગોખણપટ્ટીવાળા શિક્ષણથી મુક્તિ માટેનો માર્ગ ચીંધે છે. તે ક્ષમતા-આધારિત અધ્યયન પર ભાર મૂકે છે અને અનુભવલક્ષી તથા પૂછપરછ સંચાલિત અધ્યાપનશાસ્ત્ર માટે ભલામણ કરે છે. આ નીતિ અધ્યયન નિષ્પત્તિઓને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવાનું સૂચવે છે. અગાઉ પણ આ પ્રકારની

ભલામણો થઈ હતી પરંતુ તેનો પ્રભાવ વ્યવહાર સુધી પહોંચ્યો ન હતો. આ વખતે કેન્દ્ર સરકાર યોગ્ય તંત્ર ગોઠવવા જહેમત લઈ રહી છે. ક્ષમતા આધારિત અને અનુભવલક્ષી અધ્યયન માટે પૂછપરછ સંચાલિત અધ્યાપનશાસ્ત્ર વર્ગખંડનો વ્યવહાર બને તે માટે શિક્ષક શિક્ષણ ક્ષેત્રે વ્યાપક સ્તરે સુધારાઓ અંગેની ભલામણો પણ આ નીતિમાં છે.

**મૂલ્યાંકનમાં સુધારા**

રાશિની૨૦૨૦ વર્તમાન પરીક્ષણ વ્યવસ્થાને પણ બદલવાની ભલામણ કરે છે. વર્ગખંડ વ્યવહાર તો જ બદલી શકાય જો વર્તમાન મૂલ્યાંકન પ્રણાલી બદલાય. હાલની યાદશક્તિ-આધારિત પરીક્ષાઓ દૂર કરી તેના સ્થાને ઉચ્ચસ્તરીય વિચારણાની ચકાસણી કરી શકે તેવી પરીક્ષણ યોજના વિકસાવવાની ભલામણ કરાઈ છે. તેમાં વિદ્યાર્થીના સર્વાંગી પ્રગતિ કાર્ડ અને રચનાત્મક મૂલ્યાંકનની કલ્પના કરવામાં આવી છે. સંશોધનો દર્શાવે છે કે સતત અને સર્વાંગી મૂલ્યાંકન (CCE) યોજનાનું અસરકારક અમલીકરણ કરવામાં આવે તો અધ્યયન નિષ્પત્તિ વધારી શકાય છે. આ યોજનાના અસરકારક અમલીકરણ માટે શિક્ષકોની સજ્જતાનાં અને અભ્યાસક્રમ વિકાસનાં ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવી પડે. આવશ્યક મજબૂત સહાય પ્રણાલીઓ (Strong Support Systems) આ માટે તૈયાર કરવી પડે; અન્યથા અધ્યાપનશાસ્ત્રીય પરિવર્તનને બદલે સપાટી પરના ઉપરછલ્લા (Superficial) અમલીકરણની જોખમી સંભાવના રહેલી છે. શિક્ષક તાલીમ અને અભ્યાસક્રમ વિકાસના કાર્યને ગંભીરતાથી યોજવા માટે રાજકીય ઈચ્છાશક્તિ અને નોંધપાત્ર રોકાણની આવશ્યક્તા છે. સૂચિત સંક્રમણ તો જ શક્ય બની શકે.

**સમાનતા અને સમાવેશ**

આમ તો શિક્ષણમાં સમાવેશની સંકલ્પના ઘણા વર્ષોથી ચર્ચામાં અને થોડી ઘણી અમલમાં છે. રાશિની૨૦૨૦ 'સમાવેશ'નો વ્યાપક અર્થ કરે છે અને સમાનતાને સમાવેશમાં આવરી લે છે તે વિશિષ્ટ બાબત છે. આથી સામાજિક રીતે હાસિયામાં ધકેલાયેલાં જૂથો અને અપંગ બાળકો જેવા વંચિત જૂથોના સમાવેશને પ્રોત્સાહન આપી અસમાનતા દૂર કરવાનો પ્રયાસ સૂચવવામાં આવ્યો છે. તેમાં જાતીયતા આધારિત સમાવેશનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. આ નીતિ વંચિત વિદ્યાર્થીઓને ટેકો મળી રહે તે માટે ખાસ શિક્ષણ ક્ષેત્રો (Special Education Zones) અને જાતિ સમાવેશ ભંડોળ (Gender Inclusion Fund)ના વિકાસને ફરજિયાત બનાવવાનું કહે છે. તેમ છતાં ગ્રામ વિસ્તારની શાળાઓ અને નીચા ભંડોળવાળી શાળાઓમાં પ્રણાલીગત અસમાનતાઓ અને માળખાકીય અસુવિધાઓ નોંધપાત્ર અવરોધો ઊભા કરે છે તે ધ્યાનમાં લેવું જોઈએ. આ પગલાંને સફળ બનાવવા માટે પ્રાથમિક રીતે રાજકીય ઈચ્છા શક્તિ અને પર્યાપ્ત સંસાધન ફાળવણી સૌથી મહત્ત્વની બાબત બની રહેશે.

### ડિજિટલ શિક્ષણ

NETF (રાષ્ટ્રીય શૈક્ષણિક ટેક્નોલૉજી ફોરમ) અને DIKSHA (જ્ઞાન શેરીંગ માટે ડિજિટલ માળખુ) દ્વારારાશિની ૨૦૨૦ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ડિજિટલ પ્લેટફોર્મની ભેટ લઈને આવે છે. આમાંથી, જોકે ગ્રામીણ ભારત અને ઓછી આવક જૂથો માટે શિક્ષણની સમાન પહોંચ એક્સેસ વિશે ચિંતાઓ પણ સર્જાય છે. ભારતમાં ડિજિટલ વિભાજનની ઊભી થતી સંભાવના વિચારણા માગી લે છે. ડિજિટલ શિક્ષણ પહોંચ વધારવા માટે જેટલું ઉપયોગી છે તેટલું જ ડિજિટલ અસમાનતાઓ સર્જવા માટે કારણ બની શકે છે.

### બહુભાષી શિક્ષણ

આ શિક્ષણનીતિ પાંચમા ધોરણ સુધી શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા રાખવાની ભલામણ કરે છે તે ઘણી સરાહનીય બાબત છે. ભાષા શિક્ષણના સંદર્ભમાં આ નીતિ બહુભાષી શિક્ષણને વેગ આપે છે. યુનેસ્કોએ ૨૦૧૬માં માતૃભાષા આધારિત બહુભાષી શિક્ષણની તરફેણ કરી હતી. તે રાશિની૨૦૨૦ની આ ભલામણને સમર્થન આપે છે. ભારત ભાષાકીય વૈવિધ્ય ધરાવતો દેશ હોવાથી આ ભલામણની સફળતા બહુભાષી સંસાધનોના વિકાસ અને શિક્ષકોને યોગ્ય તાલીમની જોગવાઈ ઉપર આધાર રાખશે, પરંતુ લાંબા ગાળે આ ભલામણના સુફળ મળવાની શુભ આશા છે.

### શિક્ષક વ્યવસાયિક વિકાસ

રાશિની૨૦૨૦ શિક્ષકોના મહત્ત્વને ઉત્તમ રીતે પ્રસ્થાપિત કરે છે. તે શિક્ષકોને મુખ્ય પરિવર્તન એજન્ટ તરીકે સ્વીકારે છે. આથી, પૂર્વસેવા શિક્ષક શિક્ષણ અંગે ખૂબ ચિંતા પ્રગટ કરે છે. તેને બળવત્તર બનાવવાની દિશા પ્રદર્શિત કરે છે. વળી, સેવાકાલીન શિક્ષક શિક્ષણની પણ દરકાર કરે છે અને શિક્ષક શિક્ષણની ગુણવત્તા માટે રાષ્ટ્રીય માર્ગદર્શન મિશન સ્થાપવાની ભલામણ કરે છે. શિક્ષકોના સતત વ્યવસાયિક વિકાસ (CPD) માટે આ નીતિ સભાન છે અને કાર્ય આધારિત કારકિર્દી બઢતીની કલ્પના કરે છે. સંશોધનો દર્શાવે છે કે શિક્ષક શિક્ષણની ગુણવત્તા શાળાકીય પરિણામોની ગુણવત્તા સાથે નોંધપાત્ર રીતે સંબંધિત છે. શિક્ષક અને શિક્ષક શિક્ષણ વિશેની જાગૃત ભલામણો આથી ઘણી પ્રસ્તુત બને છે. જો કે ભારતમાં પ્રવર્તમાન શિક્ષક શિક્ષણનું માળખું ગુણવત્તા અને પ્રમાણ બંનેમાં અપૂરતું છે અને મૂળગામી  સુધારાઓની આવશ્યક્તા દર્શાવે છે.

### સમાપન

રાશિની૨૦૨૦ની ભલામણો શિક્ષણ ક્ષેત્રે આવનારા તેજસ્વી ભવિષ્યની તસ્વીર રજૂ કરે છે. જો તેનો અસરકારક રીતે અમલ થાય તો અધ્યયન નિષ્પત્તિમાં વધારો થાય અને ડ્રોપઆઉટ દરમાં અવશ્ય ઘટાડો થાય. આ નીતિ શિક્ષણના વૈશ્વિક ધોરણો સાથે તાલમેલ બેસાડી શકે તેમ છે. તેના યોગ્ય અમલથી કુશળ અને અનુકૂલનશીલ કાર્યબળ તૈયાર થશે. જેની ભારતીય સમાજને અત્યંત આવશ્યક્તા છે. જો કે આ આકર્ષક ચિત્રને સાકાર કરવા

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

# ધરતીની વેદના પ્રત્યે આપણી સંવેદના

**- પ્રકાશ મહેતા**

શૈક્ષણિક સંસ્થાઓમાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું વાર્ષિક આયોજન એવી રીતે કરવું જોઈએ કે સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન શાળા પરિવાર એક થીમ (વિષયવસ્તુ) પર કામ કરે. ચાહે એ વર્ષ દરમિયાન આવતા વિશિષ્ટ દિવસોની ઉજવણી હોય કે મહાન વિભૂતિઓના જન્મદિવસ હોય કે બીજું કંઈ. વાર્ષિક થીમને અનુરૂપ પ્રવૃત્તિઓને શાળાના વાર્ષિક આયોજનમાં સાંકળવામાં આવે તો દરેક કાર્યક્રમ વેળા આખા વર્ષના થીમને અલગ-અલગ રીતે જોડીને બાળકોને કોઈ એક માનવીય ગુણ શીખવાડી શકાય અને તેમનામાં એ સુદૃઢ પણ કરી શકાય. આ રીતે શિક્ષણની સાથે સમાજને પણ જોડી શકાય. ઉપરાંત બાળકને વધુ સામાજિક બનાવવાની દિશામાં એક પગલું આગળ વધાય.

એમિટી સ્કૂલ, ભરૂચમાં ઘણા વખતથી દર વર્ષે થીમ આધારિત વાર્ષિક સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. આ પરંપરા અનુસાર વર્ષ ૨૦૨૪-૨૫ માટે મુખ્ય થીમ નક્કી થઈ : Reduce, Reuse, Recycle (3R). સમાજમાં આર્થિક સમૃદ્ધિ વધવાની સાથે જ તેની આડઅસર રૂપે વેડફાટ, બેદરકારી, શ્રમકાર્યમાં શરમ વગેરે વધતાં ગયાં છે. આવા સંજોગોમાં વિદ્યાર્થી અવસ્થાથી જ ઓછી જરૂરિયાતમાં ચલાવતાં (Reduce) શીખવવામાં આવે, વસ્તુને એક વાર વાપરીને ફેંકી દેવાને બદલે તેને ફરીથી વાપરવાની (Reuse) ટેવ વિકસાવવામાં આવે અને વપરાઈ ગયેલી વસ્તુઓનું પુનઃચક્રીયકરણ (Recycle) કરવામાં આવે તો પર્યાવરણનું જતન તો થશે જ અને સાથોસાથ આર્થિક સમૃદ્ધિ પણ ઉત્તરોત્તર વધશે. આ ઉદ્દેશથી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન શાળાના બાળકો માટે 3R આધારિત સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું વાર્ષિક આયોજન બનાવવામાં આવ્યું.

પહેલી પ્રવૃત્તિનો આરંભ મે-૨૦૨૪થી જ કરી દેવામાં આવ્યો. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં બાળકોને મફતમાં નવા પાઠ્યપુસ્તકો મળે છે, પણ ખાનગી શાળાઓના બાળકો દર વર્ષે નવાં પુસ્તકો ખરીદતાં હોય છે. ફી ભરીને ભણતા બાળકોના વાલીઓ તેમને શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ પુસ્તકો અને નવીનક્કોર સ્ટેશનરી ખરીદી આપવા માટે સક્ષમ હોય છે. તેઓ જૂની સ્ટેશનરી અને પુસ્તકો મોટા ભાગે પસ્તીમાં પધરાવી દે છે. આ બાબત પર ધ્યાને કેન્દ્રિત કરીને અમે રિયુઝની પ્રથમ પ્રવૃત્તિ આદરી. વાલીઓને પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવી કે તેમના બાળકોનાં જૂનાં પુસ્તકો, નોટબુકનાં વધેલાં કોરા પાન, ટૂંકા પડતા યુનિફોર્મ, સ્કૂલ બેગ વગેરે શાળામાં

દાન કરવામાં આવે. જે જેટલી વસ્તુઓનું દાન કરે તેના પ્રમાણમાં એ બાળકને તેટલી જ વસ્તુઓ અને દાનમાં મળેલાં પુસ્તકો વગેરે નવા વર્ષ માટે બાળકને આપવામાં આવે. આ ઉપક્રમને સુંદર પ્રતિસાદ મળ્યો. જેને પરિણામે વાલીઓનો આશરે ચાર લાખ રૂપિયા જેટલી અભ્યાસસામગ્રીનો ખર્ચ બચ્યો.

આવા પ્રયોગો સતત ચાલતા રહ્યા. જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ખૂબ વરસાદ હતો. તેથી આ દિવસો દરમિયાન 3Rથી માનવજીવન પર કેવી સકારાત્મક અસરો થાય છે, તે સમજાવી વર્ગખંડમાં થઈ શકે તેવી પ્રવૃત્તિઓ અને ડોક્યુમેન્ટ્રીનું સતત નિદર્શન કરવામાં આવતું રહ્યું. ઑક્ટોબર-નવેમ્બર એટલે કે દિવાળીના તહેવારોની તૈયારી. આ દિવસોમાં આપણાં ઘરોમાં દિવાળીની સફાઈ શરૂ થાય. એ દરમિયાન જૂની વસ્તુઓ ફેંકી દેવાની અને નવી વસ્તુઓ ખરીદવાની પરંપરા રહી છે. આજ કાલ વિપુલ પ્રમાણમાં પ્લાસ્ટિક, ઇલેક્ટ્રોનિક ઉપકરણો, કપડાં અને પગરખાંના ઢગલા દરેક ઘરોમાં હોય છે. પેન-પેન્સિલ ખોવાઇ જાય એટલે તો નવી જ લાવવાની! હવે પેનમાં રિફીલ બદલાવવાની પરંપરા બંધ થઈ રહી છે, Use and Throwનું કલ્ચર શરૂ થયું છે. આ ટેવ એક સમસ્યાનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. અમે બાળકોને 3Rથી પરિચિત અને પ્રોત્સાહિત તો કર્યા, પણ અમલ ક્યાં કરાવવો? આથી પુનઃ એકવાર વાલીસભાઓ દ્વારા અને વાલીઓને પત્ર લખીને તેમને વિનંતી કરી કે દિવાળી દરમિયાન જે ચીજવસ્તુઓ તેઓ ફેંકી દેવા ઇચ્છા છે, તેને અલગ-અલગ કેટેગરીમાં ઘરે સાચવી રાખવી.

ગાંધી જયંતી-૨૦૨૫ના દિવસથી આ ઘરવખરીની નકામી વસ્તુઓ અમે શાળામાં સ્વીકારવાનું શરૂ કર્યું. કુલ પાંચ પ્રકારની વસ્તુઓનો એમાં સમાવેશ થતો હતો : ઇલેક્ટ્રોનિક અને ઇલેક્ટ્રિકલ ઉપકરણોનો ભંગાર, મલ્ટીલેયર પ્લાસ્ટિક, બુટ-ચંપલ, નકામાં કપડાં, રિફીલ બદલી શકાય તેવી પેન તથા ઉપયોગમાં લઈ શકાય તેવી સ્કૂલની અન્ય સ્ટેશનરી. આ બધી વસ્તુઓ અમે બે રીતે એકત્રિત કરી. પ્રથમ તબક્કામાં - જે બાળકો અમારી શાળામાં ભણે છે, તેઓ દરરોજ શાળામાં આવી ચીજવસ્તુઓ થોડી થોડી લાવતા રહ્યાં. તેને અમે અમારા મોટા-મોટા સ્ટોરેજમાં કેટેગરી પ્રમાણે એકત્રિત કરતા ગયા. બીજા તબક્કામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ જે સોસાયટી વિસ્તારમાં રહે છે તેનું ગ્રુપ બનાવી ઘરે ઘરે જાણ કરવામાં આવી કે તેમનો ઉપર જણાવેલી વસ્તુઓનો કચરો ફેંકી ન દેતાં એ સંઘરી રાખવો. એને અમે તેમના ઘરેથી ઉપાડી લઈશું. સોસાયટીના પ્રમુખ અને સક્રિય સભ્યોની મદદથી આ પ્રવૃત્તિએ એક અભિયાનનું સ્વરૂપ ધારણ કર્યું. જેમના બાળકો આ શાળામાં નહોતા ભણતાં તેવા રહીશોએ પણ અમારા અભિયાનમાં સહયોગ આપ્યો. દરેક સોસાયટી દીઠ ઉપરોક્ત જણાવેલી પાંચ કેટેગરી પ્રમાણે વસ્તુઓ એકત્રિત કરીને અમારી સ્કૂલના મોટા-મોટા સ્ટોરેજમાં જમા

કરાવવાનું શરૂ કર્યું. ભરૂચમાં અંજલીબહેન ચૌધરી ''સુનહરી મિટ્ટી'' નામની એક એન.જી.ઓ.નું સંચાલન કરે છે. અંજલીબહેનના સહયોગથી બે મહિના દરમિયાન એકઠા થયેલી અલગ-અલગ પ્રકારની ૧૫૦૦ કિ.ગ્રા. જેટલી નકામી વસ્તુઓ અમે તેમની એન.જી.ઓ.ને સોંપી. આ વસ્તુઓ જ્યાં ત્યાં ફેંકી દીધી હોત તો તેના દ્વારા ૩૧ હજાર કિલોગ્રામ જેટલો કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જિત થાત અને આ કાર્બન ડાયોક્સાઇડનું પ્રદૂષણ રોકવા માટે આપણે ૧૫૦૦ જેટલાં વૃક્ષો વધારે ઉગાડવા પડત. અંજલીબહેન દ્વારા અમને જાણવા મળ્યું કે પ્લાસ્ટિક કચરાનું પુનઃચક્રીયકરણ કરીને તેઓ ગાર્ડન બેન્ચ બનાવે છે, નકામા બુટ-ચંપલના તળિયાનું રબર તેઓ ઉદ્યોગોને સુપ્રત કરે છે, જે રોડ બનાવવામાં વપરાય છે, નકામા કપડાં ઉદ્યોગોમાં ઓઇલની સાફ-સફાઇમાં વપરાય છે અને બગડી ગયેલા ઇલેક્ટ્રોનિક વેસ્ટના કેટલાક ભાગો ફરીથી ઇલેક્ટ્રોનિક વસ્તુઓ બનાવવામાં વપરાય છે. જે પેન-પેન્સિલ અમે એકત્ર કરી હતી તેમાં પુનઃ રિફિલ નાખવામાં આવી. આ રીતે લગભગ ૫૦૦ જેટલી પેન જરૂરિયાતમંદોને અમે પહોંચાડી અને આવી જ કેટલીક સ્ટેશનરીના સેટ બનાવી બાળકોને પુનઃ વાપરવા માટે પ્રોત્સાહિત કર્યા. આમ, પ્રથમ સત્ર દરમિયાન બાળકો રિયુઝ, રિડ્યુસ અને રિસાયકલ વિશે સમજતા થયા અને વ્યવહારમાં તેનું અમલીકરણ કરવાનું શરૂ કર્યું. અમે આપેલા પ્લાસ્ટિક વેસ્ટમાંથી ''સુનહરી મિટ્ટી'' સંસ્થા દ્વારા ૩૦૦ કિલોગ્રામ વજનની બે ગાર્ડન બેન્ચ બનાવી શાળાને ભેટમાં આપ્યા, ત્યારે શાળાના દરેક વિદ્યાર્થી અને શિક્ષકે તેના પર બેસીને પર્યાવરણ બચાવવામાં પોતે આપેલા યોગદાનની સુખદ અનુભૂતિ કરી.

દ્વિતીય સત્રમાં બાળકો અને શિક્ષકોએ 3R અભિયાન દ્વારા મળેલા અનુભવોનું દસ્તાવેજીકરણ કરવાનું શરૂ કર્યું. કોઇકે પોતાની અનુભૂતિ કાવ્યાત્મક રીતે, તો કોઇકે લેખ દ્વારા પ્રગટ કરી. ચિત્રમાં રુચિ ધરાવનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પોતાનાં સ્પંદનો કેનવાસ પર ઝીલ્યા. હવે શાળાના બાળકલાકારોનો વારો હતો. પ્રદૂષણ નિયંત્રણ અને 3R નો કન્સેપ્ટ આમ ઝડપથી લોકોને સમજાય તેમ ન હતું. આથી આ વિચારને જનમાનસ સુધી પહોંચાડવા માટે શાળાનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ 3R ના થીમ પર તૈયાર કરાયો. શાળાના શિક્ષકોએ સૌ પ્રથમ એક સુંદર ગીત લખ્યું કે જેમાં પર્યાવરણની વર્તમાન પરિસ્થિતિ દર્શાવી. આ ગીત વાંચવા કરતાં સાંભળીએ તો વધારે અસરકારક બને. અહીં અમને AI મદદે આવ્યું. આ ગીતના શબ્દોને ફીડ કરતાની સાથે જ AI દ્વારા અમને સંગીતબદ્ધ કરેલું એક સુંદર ગીત મળ્યું. આ ગીત શાળાની યુ-ટ્યુબ ચેનલ (https://youtu.be/36R38ppkLow?si=K-fkjsTJJOIXimQr) પર માણી શકાશે. આ ગીતને અમે સતત પ્રાર્થનાસભામાં વગાડતા રહ્યા અને વિદ્યાર્થીઓના દિલોદિમાગમાં તે ગુંજતું રહ્યું. સાંસ્કૃતિક કાર્યક્રમ માટે રિયુઝ, રિડ્યુસ અને રિસાયકલની સંકલ્પના સમાજ સુધી પહોંચાડતાં ગીતોની પસંદગી થઈ.

પુષ્કળ પ્રેક્ટિસ અને સમાજને સંદેશો આપવાના જોશથી ૨૫મી જાન્યુઆરી-૨૦૨૫ની સાંજે ''સૃષ્ટિ સંવર્ધન'' નામે એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ તૈયાર થયો. આ કાર્યક્રમ શાળાની યુ-ટ્યુબ ચેનલ (https://youtu.be/8mBrw2VycWs?si=x7Plub qAyRHLuuYG) પર માણી શકાશે. પ્રજાસત્તાક દિનની સવારે પદ્મશ્રીથી સન્માનિત ડૉ. મહેન્દ્ર પાલના વરદ હસ્તે શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા સંપાદિત થયેલ એમિટી શાળાના મુખપત્ર ''મૈત્રી-સેતુ''ના સલંગ અંક-૭૬ ''Redesign the World'' નું વિમોચન કરવામાં આવ્યું. આ અંકનું ડિજિટલ વર્ઝન દરેક વાલી, શુભેચ્છક અને સમાજના વિવિધ અંગો સુધી પહોંચવાનો પ્રયત્ન થયો.

ડિજિટલ કોપી ઉપરાંત અમે થોડી હાર્ડ કોપી પણ તૈયાર કરી. તેને સરકારી અને શૈક્ષણિક સંસ્થાઓના પુસ્તકાલય સુધી પહોંચાડવાના પ્રયત્નો કર્યા. કેટલાક પર્યાવરણવિદ્ અને સમાજશાસ્ત્રીઓ સુધી પણ આ સામયિક પહોંચાડ્યું. જેના પરિપાકરૂપે સુપ્રસિદ્ધ સમાજશાસ્ત્રી ડૉ. વિદ્યુત જોશીનો પ્રત્યુત્તર આવ્યો કે આવા સુંદર મુખપત્રને પુસ્તક સ્વરૂપે તૈયાર કરશો તો ઘણી સંસ્થાઓ માટે આ પુસ્તક માર્ગ ચીંધવાનું કાર્ય કરશે. તેમનો આ વિચાર અમે સહર્ષ વધાવી લીધો અને ફરી એકવાર અમારા મુખપત્ર ''રીડિઝાઈન ધ વર્લ્ડ'' ને રિડિઝાઈન કરવાનું શરૂ કર્યું. શિક્ષકમિત્રોના સલાહસૂચનને સામેલ કરીને લખો, કાવ્યો અને ચિત્રોને ક્રમાનુસાર ગોઠવ્યા. બ્રહ્માંડની ઉત્પત્તિ, માનવજીવનની શરૂઆત, માનવે પૃથ્વીનું કાઢેલું નિકંદન અને હવે આપણે શું કરી શકીએ? જેવા ક્રમમાં લેખ વગેરે ગોઠવી તેનું સંપાદન કરી પુસ્તક તૈયાર થયું "Earth's Cry, Our Replay.". આ પુસ્તકની પ્રસ્તાવનામાં ડૉ. વિદ્યુત જોશીએ લખ્યું "I also suggest to send this book to NCERT to include this work as reference in environment sutdies at appropriate level." (યોગ્ય સ્તરે પર્યાવરણના અભ્યાસ માટેના સંદર્ભ તરીકે આ પુસ્તકને હું એન.સી.ઈ.આર.ટી.માં મોકલવાનું પણ સૂચન કરું છું.) એમિટી પ્લે સેન્ટરનાં હેડમિસ્ટ્રેસ શ્રીમતી સુબી ઝેવિયરના ચીવટભર્યા પ્રયત્નો, એમિટી શાળાના કમ્પ્યૂટર ઓપરેટર ભરતસિંહ રાજના ટાઈપસેટિંગ અને ચિત્રશિક્ષક અલ્પેશ પટેલની લેખને અનુરૂપ મુખપૃષ્ઠ ડિઝાઈનથી આ પુસ્તક દીપી ઊઠ્યું. ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદના અમૃતભાઈ ચૌધરીએ ખૂબ જ જહેમત ઉઠાવીને નિર્ધારિત સમયમર્યાદામાં અમને આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું. ૫મી જૂન-૨૦૨૫ના દિવસે (વિશ્વ પર્યાવરણ દિવસે) સરદાર પટેલ યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર અને સુપ્રસિદ્ધ સમાજશાસ્ત્રી ડૉ. પ્રવીણ પટેલના વરદ હસ્તે આ પુસ્તકનું વિમોચન થયું.

આ પુસ્તકની કિંમત ₹ ૩૦૦ છે, પણ શૈક્ષણિક સંસ્થાઓ પત્ર કે ઈ-મેઈલ દ્વારા મંગાવશે તો આ પુસ્તક ₹ ૨૦૦માં અમે તેમને પહોંચાડીશું.

પુસ્તક પ્રાપ્તિનું સરનામું : એમિટી હાઈસ્કૂલ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ

મોબાઈલ નં : ૯૯૭૯૮૬૧૬૩૪

# કેળવણીની નૂતન કેડી : માઈધાર

- મનસુખ સલ્લા

નાનાભાઈ ભટ્ટ ગ્રામકેળવણીનો પારસમણિ લઈને ભાવનગરથી આંબલા આવ્યા. (૧૯૩૮) દક્ષિણામૂર્તિદેવનું અનુસંધાન યથાવત રાખી 'ગ્રામદક્ષિણામૂર્તિ' એવું સંસ્થાનું નામ રાખ્યું. તેમના સાથીઓ મનુભાઈ પંચોળી, મૂળશંકરભાઈ મો. ભટ્ટ અને ન.પ્ર. બુચ સાથે માધ્યમિક કક્ષા સુધીનો નઈ તાલીમનો પ્રયોગ સ્થિર કર્યો. મનુભાઈ પંચોળી તેમાં બહુઆયામી પ્રયોગકર્તા બન્યા. એના સહજ વિકાસક્રમમાં નવા અને ઉચ્ચ કદમ રૂપે લોકભારતીની સ્થાપના (૧૯૫૩) થઈ. સમગ્ર ભારતમાં ગ્રામઉચ્ચશિક્ષણનો અનેક સ્વરૂપે પ્રથમ પ્રસ્થાનરૂપ આ પ્રયોગ બન્યો. લોકભારતી એના પ્રતિભાવના અગ્રણીઓને કારણે ગુજરાતની વિશિષ્ટ સંસ્થા બની રહી.

મનુભાઈ પંચોળીએ નાનાભાઈ ભટ્ટના અવસાન પછી ૪૦ વર્ષ સંસ્થાનું માર્ગદર્શન કર્યું. તેઓ 'દર્શક' હતા. તેમના ચિત્તમાં કેળવણીના નિત્ય નવા આવિષ્કાર પાંગર્યા કરતા. રાષ્ટ્રે આઝાદી મેળવી, લોકશાહી સ્વીકારી, પરંતુ લોકશક્તિ માટે લોકકેળવણી બાકી રહી છે એ તેમણે પ્રમાણ્યું. જ્ઞાન અને આવડતનો સંયુક્ત વિકાસ કર્યા વિના લોકશાહી સ્થિર અને વિકસિત ન થય એ તેમનું દર્શન હતું. પ્રૌઢવયે વ્યક્તિ વિદ્યાલયમાં ન જઈ શકે તો 'વિદ્યાલય લોકો વચ્ચે જાય' આ નવો જ યુગ સંદર્ભ હતો.

ટ્રસ્ટીમંડળના પ્રમુખ મોરારજીભાઈ દેસાઈનો પ્રશ્ન હતો કે 'જવાબદારી કોણ સંભાળશે?' જવાબ ૬૫ વર્ષના મનુભાઈએ પોતાનાથી આપ્યો. પાલિતાણાથી ૧૫ કિલોમીટર દૂર માઈધાર ગામમાં સંસ્થાની જમીન હતી ત્યાં કેન્દ્ર શરૂ કર્યું.

મનુભાઈએ નવપ્રયાણમાં કેવળ દાતાઓ નહીં, પણ વિવિધ વિષયના તજ્જ્ઞોને સાંકળવાની નેમ રાખી હતી. સંસ્થાના નામમાં પરમ જ્ઞાનોપાસક 'પંડિત સુખલાલજી'નું નામ સાંકળ્યું. તા.૨૧-૪-૧૯૭૮ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઈ જ. પટેલને હસ્તે ઉદ્‌ઘાટન થયું. અનેક ક્ષેત્રના આગેવાનો હાજર રહ્યા. ત્યારે દેશના વિકાસની દિશા અંગે વિચારવિમર્શ ગોઠવાયો. તેમાંથી અસ્પી ફાઉન્ડેશનના લલ્લુભાઈ મ. પટેલ અને ફેવિકોલ ઇન્ડસ્ટ્રીઝના અગ્રણી બળવંતભાઈ પારેખે મનુભાઈને ઓળખ્યા, પછી કાયમના સાથી-સહયોગી બની રહ્યા.

સર્ટિફિકેટ વગરનો આ તાલીમ કાર્યક્રમ હતો. પ્રારંભે આંબલાથી અનિલભાઈ ભટ્ટ અને લાલજીભાઈ નાકરાણી સહયોગી બન્યા. અંબાવીભાઈ ભલાણી બે વર્ષ કુટુંબ સથે માઈધાર રહ્યા. દુલેરાય માટલિયા અને રણછોડદાસ રામાનુજ જેવા બહુવિધ

આવડતધારીએ અનેક રંગ પૂર્યા. ત્રણ દિવસથી દસ દિવસ સુધીના વર્ગો શરૂ થયા. લોકોના હાથ પરના કામોમાં કૌશલ્ય વધે, ખ્યાલો ઉદાર બને અને સમજ વ્યાપક બને એવા ત્રેવડા મોરચે કાર્ય શરૂ થયું. એક રીતે આ શોધયાત્રા હતી.

ખેતી, ગોપાલન, બાગાયત, જળસંચય, બાળઉછેર, મહિલાજાગૃતિ, સંપ અને સંગઠન, ધર્મનું નીતર્યું વ્યાપક સ્વરૂપ વગેરે ક્ષેત્રો અભ્યાસકેન્દ્રો બન્યાં. લોકો સંસ્થામાં આવતા અને સંસ્થા લોકો વચ્ચે જતી. એમાંયે જન્માષ્ટમી જેવો લોકોત્સવ અને વ્યાખ્યાનોએ તો ગામોને હેલે ચડાવ્યાં. મનુભાઈ રામાયણ-મહાભારત-ભાગવતને આધાર બનાવી સનાતનને યુગધર્મ સાથે જોડી આપતા. તજ્જ્ઞો જે તે વિષયની વિવિધ બાજુઓ ખોલી આપતા.

મનુભાઈના સંબંધ વિસ્તાર અને 'દર્શક' પ્રત્યેના પ્રેમાદરને કારણે લોકવિદ્યાલય માતૃધારા ગુજરાતભરના સાહિત્યકારો, કેળવણીકારો, વિચારકો, શિક્ષકોના ટૂંકા ગાળાના વર્ગો માટે પણ મહત્ત્વનું કેન્દ્ર બની ગયું. આ મનુભાઈનું બીજું ઘર બન્યું. શિક્ષણ અને સમાજની એકતાનો આ પ્રયોગ અટકી ગયો તે પછીય દૃષ્ટાંતરૂપ છે. આવતીકાલનો એમાં સમૃદ્ધ નકશો છે.

લગભગ ૧૮ વર્ષના ઉત્કર્ષ પછી વાહનવ્યવહારની કઠિનતા, તજ્જ્ઞોની ગામડાંમાં આવવાની નામરજી, સાથીદારોની ચાલુ કામની વ્યસ્તતા અને મનુભાઈની ઢળતી ઉંમરને કારણે માઈધાર કેન્દ્ર મંદ થયું, અટકી ગયું. મિલકત કેમ સાચવવી એના પ્રશ્નો ઊભા થયા.

૨૦૧૩માં અરુણભાઈ દવેએ માઈધારના પુનનિર્માણનું કામ હાથમાં લીધું. ખંડેર જેવાં મકાનોમાં તેમણે મનુદાદાનું સ્વપ્ન જોયું. ફેવિકોલ ઇન્ડસ્ટ્રીઝના મધુકરભાઈ પારેખ તમામ રીતે સહયોગી બન્યા. ૧૨ વર્ષના પુરુષાર્થ પછી માઈધાર લોકભારતીનું મહત્ત્વનું કેન્દ્ર બન્યું છે. લોકભારતી અધ્યાપન મંદિરમાં ૩૦ વર્ષ કાર્ય કરનાર, નિવૃત્ત આચાર્યા ભાવનાબહેન પાઠકે લોકવિદ્યાલયની જવાબદારી સ્વીકારી. પાતુભાઈ આહીર, નિર્મળભાઈ પરમાર અને એભલભાઈ ભાલિયાની કર્મઠ ટીમે સંસ્થાને ગતિશીલ, તેજસ્વી અને પચાસેક ગામોને સાંકળીને વિદ્યાવિસ્તારના નવા નમૂનારૂપ બનાવી છે. પંડિત સુખલાલજી લોકવિદ્યાલયની વિકસેલી પ્રવૃત્તિઓની ટૂંકી નોંધ પણ ગમી જાય એવી છે:

**(૧) લોકકલ્યાણ વિદ્યાલય અને છાત્રાલય :**

આ વિસ્તારમાં કન્યાકેળવણી અઘરી હતી. સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓ મર્યાદિત કામ કરતી હતી. છાત્રાલય સાથેની શાળાનો સંદર્ભ જ નહોતો. ૨૦૧૫થી સ્વનિર્ભર માધ્યમિક શાળાનો શુભારંભ થયો. આજે ૯ થી ૧૨ ધોરણમાં ૩૩૭ ભાઈ-બહેનો નઈ તાલીમની કેળવણી મેળવી રહ્યાં છે. તેમાં ૧૦૦ બહેનો માટેનાં અને ૧૭૫ ભાઈઓ માટેનાં સરસ, સુવિધાવાળા છાત્રાલયો છે. વિદ્યાર્થીમંડળ દ્વારા વિદ્યાર્થી પ્રવૃત્તિઓનું અમલીકરણ થાય છે.

સમગ્ર પરિસરની જરૂરી વીજળી સોલાર રૂફટોપ યોજના અંતર્ગત પેદા કરવામાં આવે છે. પરીક્ષાનું પરિણામ ૯૮ ટકા જેટલું છે. વિદ્યાર્થીઓની સર્વાંગીણ કેળવણી માટે ગુણવત્તાસભર અનેક પ્રવૃત્તિઓ સહજ બની છે. શ્રમ, સંસ્કાર, સમૂહજીવન સાથે આધુનિક કમ્પ્યૂટર લેબ, સમૃદ્ધ પુસ્તકાલય, રમતગમત, યોગ અને ધ્યાન, સંગીત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે.

**(૨) આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રઃ**

વિદ્યાર્થીઓમાં સંશોધનાત્મક વલણો વિકસે એ માટે જૂન ૨૦૧૯થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રનો પ્રારંભ થયો છે. અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તાલીમબદ્ધ શિક્ષકોની ટીમ દ્વારા ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ આધારિત વિજ્ઞાન વિષય શીખવાય છે. એની સામગ્રી સસ્તી હોય અને સહજ રીતે મળી રહે એવો પ્રયત્ન હોય છે. માઈધાર આસપાસની ૫૮ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અહીંના વિજ્ઞાનકેન્દ્રમાં આવીને, પ્રયોગો કરીને વિજ્ઞાન શીખે છે. એક વિદ્યાર્થી વર્ષમાં ચાર વખત આ સુસજ્જ પ્રયોગશાળાનો લાભ લે છે. જાતે પ્રયોગ કરીને ભણે તો વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ, અવલોકનશક્તિ અને તર્કશક્તિ વધે છે એવો અનુભવ થયો છે.

**(૩) સ્ટેમલૅબ :**

STEM એ એક શૈક્ષણિક અભિગમ છે. તેમાં વિજ્ઞાન, ટેક્નોલૉજી, એન્જિનિયરિંગ અને ગણિતનું સંયોજન છે. તેમાં વૈજ્ઞાનિક વિચારશક્તિ, નવીનતમ ટેક્નોલૉજી, વ્યવહારુ ઍન્જિનિયરિંગ અને તર્કસંગત ગણિતના અભિગમથી વિદ્યાર્થીઓને શોધો કરવા અને સમજવા સક્ષમ બનાવે છે.

**(૪) મોજીલું શિક્ષણ યોજના :**

માહિતીપ્રધાન શિક્ષણને સર્જનાત્મક માર્ગે, વિવેકપૂર્વક વાણી-વ્યવહારમાં ઉતારવા, જીવાતા જીવન સાથે અનુબંધ સાધી મૂલ્યનિષ્ઠ કેળવણી આપવાનો ખ્યાલ છે. વિદ્યાર્થી જાતે ભણતો થાય તેવી દૃષ્ટિ છે. માઈધાર આસપાસના ૮૦ ગામોની પ્રાથમિક શાળાઓમાં ૨૦૧૪થી આ યોજના ચાલે છે. ચાર અનુભવી સંવાહકો દરરોજ અલગ-અલગ શાળામાં જઈને પ્રવૃત્તિ દ્વારા અનેક વસ્તુ શીખવે છે. વિષયવસ્તુ કરતાં પદ્ધતિને મહત્ત્વ અપાય છે. ૨૦ પ્રવૃત્તિઓની નવી નવી કીટ તૈયાર કરવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરોને મોજીલા શિક્ષણની તાલીમ આપવાનું પણ ગોઠવાય છે.

**(૫) કૌશલ્યવર્ધન કેન્દ્ર :**

૨૦૧૪થી સરકારની કૌશલ્યવર્ધન યોજના અમલમાં આવી, તે બંધ થઈ ગઈ છે. પરંતુ પીડિલાઈટ ઈન્ડ્રસ્ટ્રીઝની સહાયથી નીચેના કાર્યક્રમો માઈધારમાં કાર્યરત છે : **(૧) કમ્પ્યૂટર ક્લાસ :** વિદ્યાર્થીને 'CCC' સર્ટિફિકેટ જેટલી ક્ષમતા મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. **(૨) બ્યુટી પાર્લર :** બહેનો એની તાલીમ દ્વારા સ્વરોજગાર મેળવી શકે છે. **(૩) સીવણ ક્લાસ :** શાળાની વિદ્યાર્થિનીઓ અને આજુબાજુની બહેનોને સીવણકામ શીખવવામાં આવે છે. બહેનો માટે એ

આજીવિકાનો સ્રોત બની શકે છે. (૪) **સેનેટરી પેડ નિર્માણ :** સહિયર સ્વસહાય જૂથ દ્વારા સેનેટરી પેડનું નિર્માણ થાય છે. આ પેડનું આસપાસની શાળાઓમાં અને એન.જી.ઓ. માં વેચાણ કરવામાં આવે છે.

**(૬) રવિશાળા :**

રવિશાળા નામે બાળકેળવણીની પ્રવૃત્તિ ૨૦૧૪થી ચાલે છે. દર રવિવારે માઈધાર અને આસપાસનાં ગામોમાં બાળકોને ગમતી અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. નાસ્તો આપવામાં આવે છે.

**(૭) અહિંસાની કેળવણી કાર્યક્રમ :**

સાબરમતી આશ્રમ - અમદાવાદ, પર્યાવરણ શિક્ષણકેન્દ્ર - અમદાવાદ અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સંયુક્ત ભાગીદારીથી માઈધાર કેન્દ્ર દ્વારા તળાજા તાલુકાની ૧૦ સરકારી શાળાઓમાં પ્રોજેક્ટ કાર્યરત છે. અહિંસા રોજિંદા જીવનનો, આચારનો ભાગ બને એ ઉદ્દેશ છે.

આજે બાર વર્ષ પછી પંડિત સુખલાલજી લોકવિદ્યાલય નયનરમ્ય, પૂરતી સુવિધાવાળું, શૈક્ષણિક ભાવાવરણવાળું અને આકર્ષક બની શક્યું છે. મનુદાદાનું સ્વપ્ન અન્ય રીતે સાકાર થયું છે. તેમાં અરુણભાઈ દવેનું માર્ગદર્શન મહોરી ઊઠ્યું છે. પીડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝના મધુકરભાઈ પારેખનો સહયોગ લેખે લાગ્યો છે એ તૃપ્તિપદ ઘટના છે.

પંડિત સુખલાલજી લોકવિદ્યાલયને ૨૦૨૪ના વર્ષનો દર્શક ફાઉન્ડેશનનો શિક્ષણ ઍવોર્ડ અર્પણ કરીને ગૌરવ કરવામાં આવશે તે ધ્યાનપાત્ર ઘટના છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)

માટે મજબૂત અમલીકરણ માળખું જરૂરી બનશે. શિક્ષણની સંસ્થા તરીકે રાજ્ય એટલે કે સરકારની જવાબદારી ઘણી મોટી બને છે. નીતિના અમલીકરણ માટે સરકાર સ્તરેથી સહયોગ જેટલો જરૂરી છે તેટલો જ સરકારના બિનજરૂરી હસ્તક્ષેપ ટાળવાની જરૂર છે. નીતિની સુસંગતતા જાળવી રાખવા સમયાંતરે દેખરેખની તટસ્થ વ્યવસ્થા અનિવાર્ય છે. આજના સમયમાં આવશ્યક ભારતીય શિક્ષણ વ્યવસ્થાના વિકાસ સાથે તાલ મિલાવવાની ક્ષમતા રાશિની૨૦૨૦ ધરાવે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ શાળાકીય શિક્ષણમાં અધ્યેતા કેન્દ્રિત, સમાવેશી અને લવચીક શિક્ષણને માર્ગે આગળ વધીને ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં નૂતન અને મહત્ત્વપૂર્ણ આબોહવાનું સર્જન કરે છે. આ નીતિ ઘણી મહત્ત્વાકાંક્ષી અને ભવિષ્યલક્ષી છે. આ બાબત ઘણી પ્રોત્સાહક છે પરંતુ તેની લાંબાગાળાની સફળતા તેના અમલીકરણના અંતરાયોને આપણે કેવી રીતે અને કેટલા પ્રમાણમાં દૂર કરીએ છીએ તેના ઉપર નિર્ભર કરે છે. ખાસ તો શિક્ષક સજ્જતા, ડિજિટલ માળખાગત સગવડો, સાર્વત્રીકરણ અને સમાવેશી શિક્ષણના ક્ષેત્રોમાં રહેલા અવરોધો મોટો પડકાર છે. રાશિની૨૦૨૦ ભારતીય શિક્ષણના ધોરીમાર્ગને નવપલ્લવિત કરી શકે છે અને આવનારી પેઢીઓ માટે વધુ સુસંગત અને સ્થિતિસ્થાપક શિક્ષણ વ્યવસ્થાની ખાતરી આપે છે તેમાં કોઈ શંકા નથી.

# શિક્ષક, સમાજ અને આપણું યુવાધન

- મિત્તલ પટેલ ("પરિભાષા")

શિક્ષણની જ્યોતને સતત પ્રજ્જવલિત રાખનાર, પોતાના શિક્ષકત્વની ઊર્જાથી, આત્મબળથી પોતાના હાથ નીચેથી દસ વર્ષે પસાર થતા કંઈ કેટલાય બાળકોના જીવતરને પ્રાણતત્ત્વ બક્ષી, આર્થિક, સામજિક, નૈતિક સદ્ધરતાની જ્ઞાનમંજરી શિક્ષક આપતો હોય છે. માત્ર સિલેબસ પૂરો કરી દેવો તે શિક્ષક ધર્મ નથી. શિક્ષકે તો સાચા જીવનનું, સાચા વ્યક્તિત્વનું, સાચા માનવધર્મને પ્રતિબિંબિત કરતું 'માનસ આપવું' તે શિક્ષક ધર્મ છે. શું શિક્ષક આ બાબતે સજાગ હોય છે ખરો?? ખૂબ નિષ્ઠાવાન શિક્ષક પણ સિલેબસ બહારના, પુસ્તક બહારના પોતાના કર્તવ્યને નિભાવવા માટે લક્ષ આપી શકે એટલી જાગૃતિ સભાનપણું ધરાવે છે ખરાં!! ખૂબ જ ઝડપથી પસાર થઈ રહેલા આ સમયમાં જ્યારે શિક્ષક ઘણા બધા પરિપત્રો, ઘણા બધા કામના બોજા હેઠળ પોતાની ફરજ નિભાવતો હોય છે. દિલ દઈને બાળહિતને લક્ષમાં રાખીને ભણાવતો પણ હોય છે, પણ આજના એડવાન્સ સમયમાં જ્યાં આપણે કોઈ પણ વિષય પર વિચારવાનું શરૂ કરીએ, ત્યાં બીજો નવો વિષય, બીજી નવી સંકલ્પના, બીજા નવા પડકાર ઊભા જ હોય છે. ખૂબ ઝડપી યુગમાં આ પડકારો પણ ખૂબ મોટાં, નવા જ, વ્યાપક અને કોમ્પલેક્ષ હોવાનાં. શું શિક્ષક પ્રતિપળ માત્ર નોકરી જ કરીને આવા શ્રેષ્ઠતમ મા - સ્તરના વ્યવસાય માટે અહોભાવ રાખી, કૃતજ્ઞતાનો ભાવ હૃદયમાં રાખી બાળકોને પડખે ઊભા રહી, તેમનામાં મૂલ્યો, મનોબળ, સર્જનક્ષમતા હકારાત્મકતાનું સિંચન સમાંતરે કરતા રહેવાની ઈચ્છાશક્તિની દષ્ટિએ સદ્ધર બની શકે છે ખરો?

આજે બૌદ્ધિક ક્ષમતા વધી છે, વૈચારિક ક્ષમતા ઘટી છે. પોતાના વિષયમાં ખૂબ જ નિપુણ હોય અને તે મુજબ ડિગ્રી પણ મેળવી લે, નોકરી પણ મેળવી લે પણ શું સાચું ખોટું તેના વચ્ચેનો ભેદ પારખવા માટે, અચાનક આવી પડેલ પડકાર, મુશ્કેલીઓનો સામનો કરવા માટે રચનાત્મક દષ્ટિકોણ કેળવી શકવા માટે ક્રિટીકલ થીંકિંગ કરવાની ક્ષમતા, શબ્દો વ્યવહાર પાછળનો મર્મ સમજી શકવાની ક્ષમતા, સમય અને ઘટનાની સંવેદનશીલતાને અનુરૂપ વર્તન, વ્યવહાર કરવાની ક્ષમતાનો વિકાસ થવો ખૂબ જરૂરી છે. કોઈપણ બાબતોને એઝ ઈટ ઈઝ સ્વીકારી લેવાને બદલે, તેને વૈચારિક શક્તિથી મૂલવીને, તર્કશક્તિના ત્રાજવે માપીને સ્વીકારવાની બુદ્ધિ કેળવાશે ને તો માણસ સાચા અર્થમાં શિક્ષિત બની શકે. આજે શિક્ષિત પણ વ્યવહારિક રીતે 'અશિક્ષિત' લોકો આસપાસ જોવા મળે છે. જે તેમના વ્યવહારમાં પ્રતિબિંબિત થતું રહે છે.

નોલેજ છે, પદ પ્રતિષ્ઠા છે પણ પોતાની ફરજ પ્રત્યે નિષ્ઠા, પ્રામાણિકતા નથી. પૈસા છે પણ મા બાપ સાથે વર્તન, વ્યવહાર કરવાની સુઝબુઝ, તેમના માટેની પોતાની ફરજની સભાનતા નથી. તેમને પ્રેમથી રાખવા સંભાળ લેવી એટલી માણસાઈનો અભાવ છે. ક્લાસ વન અધિકારી બની જવાય છે, પણ સારા માનસ ધરાવતા માણસ બનવું તેથીયે વધુ અઘરું છે. છતાંય તે પણ ખૂબ જરૂરી છે. અને તે કામ શિક્ષક અને સમાજ જ કરી શકે છે. શિક્ષક માત્ર જ્ઞાનનો પુજારી નહીં, બાળકના માનસઘડતરનો ડૉક્ટર પણ બની રહે ને તો આજે માનવધર્મની માનવતાસભર વર્તન, વ્યવહારની પાદર્શકતા, પરસ્પર સંબંધોની જે અછત થઈ રહી છે, તે ક્યારેય થાય જ નહીં. જીવનની માર્કશીટમાં માનસિક શાંતિ અને જીવન પ્રત્યે, સમાજ પ્રત્યે, માણસો પ્રત્યે અહોભાવ, કૃતજ્ઞતાનો ભાવ, સૌનું શુભ થાઓ, સૌનું મંગલ થાઓ'ના ભાવની ગંગા વહેતી રહે તે આજના સમયમાં અનિવાર્ય છે. હકારાત્મકતાના ભાવનો પ્રવાહ સતત વહેતો રહે ને તો શિક્ષણ મૂલ્યસભર બની શકે, માનવતાસભર બની શકે. શિક્ષણ બાળકને 'સ્વકેન્દ્રી' બનાવે તેવું ન હોવું જોઈએ. શિક્ષણ બાળકને પોતાનું નાનું મોટું કામ પ્રમાણિકતાથી, નિષ્ઠાથી, કોઈનું અહિત ન થતું હોય તેનું ધ્યાન રાખીને કરવું તે શીખવતું હોવું જોઈએ પણ તે કઈ રીતે થઈ શકે??

- દરેક શિક્ષક એટલું નક્કી કરે ને કે દર વર્ષે પોતાના હાથ નીચેથી પસાર થતાં હજારો બાળકોને ચોક્કસ આટલા મૂલ્યો, આટલી બાબતોની કેળવણી તો આપવી જ છે તો કદાચ કંઈ કેટલાય શ્રેષ્ઠ નાગરિક શ્રેષ્ઠ માનસ ધરાવતા ઉમદા વ્યક્તિત્વ ધરાવતા માણસો ચોક્કસથી બહાર પડશે.
- શિક્ષક નક્કી કરે ને કે મારા હાથ નીચેથી જે બાળકો પસાર થાય છે તેમને તેમના જીવનનું ચોક્કસ લક્ષ્ય બનાવતા શીખવીશ અને ત્યાં સુધી કઈ રીતે પહોંચી શકાય તેના માર્ગ બતાવવા માટે દિશા સૂચન ચોક્કસથી કરીશ. ટૂંકમાં બાળકોને સપના જોતા કરવા છે. અને એ સપના સાકાર કઈ રીતે કરવા છે તેનું માર્ગદર્શન ચોક્કસથી આપીશ.
- શારીરિક, માનસિક, ઈમોશનલ સ્વાસ્થ્ય કઈ રીતે જાળવવું તેનું માત્ર ભાષણ આપીને નહીં, પ્રેક્ટિકલી તેમને યોગ, પ્રાણાયામ, ધ્યાનના માધ્યમથી મહાવરો આપીને તેમને કેળવવા પ્રયત્ન કરવો છે.
- આર્થિક, સામાજિક, ભાવાત્મક રીતે પગભર કઈ રીતે થવું, મજબૂત કઈ રીતે બનવું તે શીખવવું છે.
- શિક્ષક નક્કી કરે કે મારા હાથ નીચેથી પસાર થતા બાળકોને મારે હકારાત્મકતાથી કોઈપણ પરિસ્થિતિને, કોઈપણ વ્યક્તિને, જોવાનો, અવલોકવાનો અને સમજવાનો મહાવરો મળી રહે તેવી જીવંત દૃષ્ટિ આપવી છે. પુસ્તકોના માધ્યમથી, શ્રીમદ્ ભગવદ્ ગીતાના નિયમિત વાંચનથી, તેની વર્ગમાં સમજૂતી નિયમિત આપતા રહીને

આ ગુણો કેળવી શકાય.

- શિક્ષક નક્કી કરે ને કે મારા હાથ નીચેથી પસાર થતા બાળકોમાં નિષ્ઠા, પ્રમાણિકતા, સાચું બોલવું, મહેનત કરવી જેવા ગુણો તેમનામાં કેળવાય એવા પ્રયત્નો કરવા છે. તે માટે શિક્ષકે પોતાની વાણી, વર્તન અને વ્યવહાર તે મુજબ રાખવા પડે. તેમાં ઐક્ય હોવું જોઈએ. વાર્તા અને નાટકના માધ્યમથી પણ આ કાર્ય ઉત્તમ રીતે થઈ શકે.
- શિક્ષકે બાળકોને પુસ્તક સાથે જોડી, તેના પ્રત્યે પ્રીતિ કરતા શીખવાડવું પડશે તો બાળકો મોબાઈલના વળગણમાંથી, સ્ટ્રેસ, ડિપ્રેશન, વ્યસન કે એકલતારૂપી વમળમાંથી ચોક્કસથી બચી શકશે. આ તત્કાલ નહીં થાય. આ માટે શિક્ષક પોતે પુસ્તક વાંચતો હોય પછી તેની બાળકો સાથે ચર્ચા કરતો હોય અને બાળકોને નિયમિત પુસ્તકો આપી, પુસ્તક પરિચય જેવી નાની નાની પ્રવૃત્તિઓ કરતા રહી તેમનામાં પુસ્તકો પ્રત્યેની રસરૂચિ રોપતો હોવો જોઈએ.

શિક્ષક ચેતનંવતો, વૈચારિક રીતે તિક્ષ્ણ ધાર ધરાવતો હોવો જોઈએ. પુસ્તક વાંચન વગર તે શક્ય છે ખરું?? શિક્ષક તો 'ચેતનાની ખેતી' કરે છે. તેમાં લણણી બાળકના શ્રેષ્ઠ માનસ ઘડતરની, શ્રેષ્ઠ વ્યક્તિત્વની, શ્રેષ્ઠ નાગરિકત્વની કરવાની છે. જીવનમાં જીવનતાત્વથી સમૃદ્ધિ ધરાવતાં તેમજ જીવંતતાથી રોશન એવા યુવાધનને સિંચવાનો છે. આજના યુવાનોને સંવેદનશીલ બનાવવાના છે. તે માટે કોઈપણ એક કળા સાથે બાળકોને ચોક્કસથી જોડવા જોઈએ.

---

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ થી ચાલુ)

**ટૂંકાવીને..**

- સરકારી શાળાઓમાં વિવિધ ૧૮ પ્રકારના ૯૦૦થી વધુ સ્પોર્ટસ સાધનો અપાશે.
- ઉચ્ચ શિક્ષણમાં પણ હવે ઈન્સપેક્ટરો નિમાશે : ૧૦ જિલ્લા નોડલ કચેરી બનશે.
- બાળ રક્ષણ આયોગની સૂચના બાદ CBSE સીબીએસઈનો આદેશ છે કે શાળાઓના વર્ગોમાં CCTV લગાવવા અને પંદર દિવસનું રેકોર્ડિંગ રાખવું.
- MBA-MCAમાં ૧૬ નવી કૉલેજ મંજૂર કરવામાં આવી.

❀ ❀ ❀

'તારા નામમાં ઓ સ્વતંત્રતા મીઠી આ શી વત્સલતા ભરી, મુડદાં મસાણેથી જાગતાં, તારા નામમાં શી સુધા ભરી!'

- મેઘાણી

❀ ❀ ❀

ઈશ્વરે જ્યારે આપણને જીવન આપ્યું, ત્યારે જ આપણને સ્વતંત્રતા પણ આપી.

- ટોમસ જેફરસન

❀ ❀ ❀

# શિક્ષક ખુલે એટલે વિદ્યાર્થી ખીલે!

- જયંતી નાયી

હમણાં હમણાં શાળાઓ ખુલી છે. પરીક્ષાની વૈતરણી પાર કરીને આગળના ધોરણમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક આવી ગયા છે, પરિણામના આંકડાની માયાજાળમાં સૌ ફસાયેલા હશે. શાળાનું પરિણામ કેટલું? વિદ્યાર્થીનું પરિણામ કેટલું? વિષયવાર પરિણામ કેટલું? કેન્દ્રનું પરિણામ કેટલું? બોર્ડનું પરિણામ કેટલું? આ બધામાંથી નીકળ્યા પછી પણ પરિણામનું પરિણામ કેટલું? એવો પાયાનો સવાલ કેટલાને થશે? થાય છે?

પાયા વિનાની ઈમારતો ચણવા ટેવાઈ ગયેલો સમાજ બાળક કે વિદ્યાર્થીનો પાયો મજબૂત કર્યા સિવાય જ કારકિર્દીની ઈમારત ચણવા બેસી જાય છે! પરિણામે ડિગ્રીધારી નાગરિક, માણસ સમાજને મળે છે પણ સંવેદનશીલતાથી છલકાતો નાગરિક ગુમાવવો પડે છે. આ તો ખોટનો ધંધો ગણાય.

વિદ્યાર્થીનો પાયો એટલે બાળપણથી શરૂ કરીને અભ્યાસ પૂરો થાય ત્યાં સુધી અભ્યાસક્રમ સિવાયનું વાતાવરણ! આ વાતાવરણ અગત્યનું છે, જરૂરી છે, ખૂબ જ મહત્ત્વનું છે. જે રીતે વિદ્યાર્થી ઘરેથી શાળાએ જાય છે એ રીતે શિક્ષક પણ ઘરેથી શાળાએ જાય છે. આ બંનેનું આવવું જવું એ શારીરિક કસરત નથી, પણ પરસ્પરની ખોજ છે, જરૂરિયાત છે, ગરજ છે. શાળાએ આવતો શિક્ષક સમયમાં બંધાયેલો હોય છે પણ શાળાના સમયમાં બંધાઈને રહેતો નથી. પોતાના વિદ્યાર્થીને વધુને વધુ કઈ રીતે આપી શકાય? શું આપી શકાય? આ ખોજ શિક્ષકમાં એક વ્યસનની માફક તલપની કક્ષાએ ચાલવી જોઈએ! જો એમ હોય તો આપણામાંનો શિક્ષક ધબકે છે એમ જરૂર કહી શકાય!

આવો શિક્ષક ઘરેથી નીકળીને શાળાએ આવતા પોતાની આંખોમાં ઘણું ઘણું સમાવી લેતો હોય છે. જેમ જેમ સમય આવે તેમ તેમ પોતાની આંખોમાં સમાવેલું બધું ઠાલવતો જાય છે. જેમ જેમ આ બધું એક શિક્ષક વિદ્યાર્થીઓમાં વરસાવતો જાય છે તેમ તેમ વિદ્યાર્થીઓ તો ભીના અને સમૃદ્ધ થતા જ જાય છે. સાથે સાથે શિક્ષકમાં કશુંક ઉમેરાતું જાય છે. આમ બંને પક્ષે પ્રસન્નતાનો અનુભવ થાય છે.

શિક્ષકનું વાત્સલ્ય વિદ્યાર્થીને ભીંજવી દેનારું હોય છે. શિક્ષક ખરેખર ખુલે તો વિદ્યાર્થી તો ખીલવા માટે જ સર્જાયા છે. વિદ્યાર્થીની મૂંઝવણ અને હરખ ચહેરો વાંચીને પામી જનારા શિક્ષકો આજે પણ સદ્નસીબે આપણા સમાજમાં છે.

કામની ખોજ એ શિક્ષકની પ્રકૃતિ હોય છે.

એક કામ પૂરૂ થાય ત્યાં બીજું કામ શિક્ષકને મળી જાય છે. 'કામ નથી' અને 'સમય નથી' એવું કહેનારો બીજું બધું હોઈ શકે પણ શિક્ષક ન હોઈ શકે! શિક્ષકે પોતાએ સજ્જ થતા જવાનું છે, પોતાના વિદ્યાર્થીઓને સજ્જ કરતા જવાનું છે. સંતોષનો આનંદ શિક્ષક જરૂર લઈ શકે પણ સંતોષનો ઓડકાર શિક્ષક ખાઈ ન શકે! આવા શિક્ષકો ખુલે છે ને વિદ્યાર્થીઓ ખીલે છે.

શિક્ષક માટે કશું અઘરું નથી. બેસી રહેવું શિક્ષક માટે અસહ્ય બની જાય છે. શિક્ષકની દુનિયા કેવળ શાળા કે વિદ્યાર્થી પૂરતી સિમિત નથી હોતી. સમાજમાં પણ શિક્ષકની ભૂમિકા શિક્ષક તરીકેની જ હોય છે. શિક્ષક સમાજમાં વિશ્વસનીય અને આદરપાત્ર નાગરિકનું સ્થાન ધરાવે છે. આ માનને યોગ્ય બનવા માટે મથનારો શિક્ષક સૌને પોતીકો લાગે છે.

આમ વિદ્યાર્થીઓ માટે સર્જાયેલો હોય તેવો લાગતો શિક્ષક એની અંદર ધબકતા રહેતા શિક્ષકને કારણે એ આખા સમાજનો શિક્ષક બની જાય છે અને સમાજ એ શિક્ષકની શાળા. જેમ શિક્ષણ કેવળ અભ્યાસક્રમ કે પાઠ્યપુસ્તકના બે પૂંઠાં વચ્ચે નથી તેમ એક સમયે શિક્ષકની શાળા ચાર દીવાલો વચ્ચે જ ન હોઈ શકે! વિસ્તરતા જવું એ શિક્ષકની પ્રકૃતિ છે. અસીમ કે નિઃસીમ એ શિક્ષણનું ક્ષેત્ર છે!

આજે શિક્ષકને એવું ને એટલું કામ સોંપવામાં આવે છે કે જાણે શિક્ષણનું કામ એ શિક્ષકનું મૂળ કામ ન હોય! શિક્ષકની પાસેથી સમય છીનવી લેનાર સત્તાધીશો શિક્ષક પાસેથી સવાયા કામ અને પરિણામની અપેક્ષા રાખે છે. કામ થાય છે, પરિણામ પણ મળે છે પરંતુ પરિણામનું પરિણામ સંતોષકારક મળતું તનથી.

આપણી દિશા આત્મઘાત તરફની છે અને આપણી બૂમો 'બચાવો બચાવો'ની છે. કોણ બચાવે? કઈ રીતે બચાવે? ઈશ્વર આપણને સૌને શિક્ષણ બચાવવાની સાચી દિશા સૂઝાડે, એ દિશામાં ચાલવાની શક્તિ અને મક્કમતા આપે જેથી આવતી પેઢીના આપણે ગુનેગાર ન બનીએ!

❀ ❀ ❀

જ્યાં પરમાત્માની ભાવના છે ત્યાં સ્વતંત્રતા છે.

- ન્યુ ટેસ્ટામેન્ટ

❀ ❀ ❀

બંધ મુઠ્ઠીમાં સ્વાતંત્રતા ગૂંગળાય છે, મુઠ્ઠી ખુલતાંની સાથે જ તે જન્મે છે.

બે વત્તા બે બરાબર ચાર એમ કહેવાની છૂટ એટલે સ્વતંત્રતા.

- જ્યોર્જ ઓરવેલ

❀ ❀ ❀

માનવીને જો બધી જ સ્વતંત્રતા મળી જાય તો તેના બંધનનો પાર ન રહે.

- ગૌરમેન્ટ

❀ ❀ ❀

જે દેશમાં સ્વતંત્ર સમાજ, જે સમાજમાં સ્વતંત્ર વ્યક્તિ અને વ્યક્તિમાં સ્વતંત્ર વિચાર ન હોય ત્યાં પશુપાલન વિકસી શકે.

❀ ❀ ❀

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ-૧૦નું પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જે ૨૮ ટકાથી પણ ઓછું રહ્યું છે. જ્યારે ૮૧ ટકા રિપીટર વિદ્યાર્થીઓ બે થી વધુ વખત પરીક્ષા આપવા છતાં પણ ફરી નાપાસ થયા છે. બેસ્ટ ઑફ ટુ ની સ્કીમ અંતર્ગત પ્રથમવાર ધોરણ-૧૦માં લેવાયેલી પુનઃ બોર્ડ પરીક્ષામાં નોંધાયેલા ૩૨૮ વિદ્યાર્થીઓમાંથી પરીક્ષા આપનારા ૧૬૦ વિદ્યાર્થીઓ સામે ૧૧૯ વિદ્યાર્થીઓના માર્કસ્ સુધર્યા છે. ધોરણ-૧૦ની પૂરક પરીક્ષામાં પણ મુખ્ય પરીક્ષાની જેમ છોકરાઓ કરતાં છોકરીઓનું પરિણામ વધારે છે.

**જાતિવાર પરિણામ**

| જાતિ | હાજર | પાસ | ટકા |
|---|---|---|---|
| છોકરા | ૬૦૫૨૦ | ૧૫૩૬૩ | ૨૫.૩૮ |
| છોકરી | ૩૩૩૮૪ | ૧૦૫૬૬ | ૩૧.૬૫ |
| કુલ | ૯૩૯૦૪ | ૨૫૯૨૯ | ૨૭.૬૧ |

**પૂરક પરીક્ષામાં ૩૦ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જ ન આવ્યા :**

ધોરણ-૧૦ની પૂરક પરીક્ષામાં ૭૧૮૬૬ છોકરા અને ૫૨૧૯૨ છોકરીઓ સહિત કુલ ૧૨૪૦૫૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાં નિયમિતમાં ૮૯૮૬૬, રિપીટરમાં ૨૬૨૪૦, ઓપનિંગ સ્કૂલ નિયમિતમાં ૬૧૯૧, ઓપનિંગ સ્કૂલ રિપીટરમાં ૧૭૬૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. પરંતુ ૩૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. એટલે કે ૨૫ ટકા વિદ્યાર્થીઓએ પરીક્ષા જ આપી નથી.

વધુમાં આ વખતે ધોરણ-૧૦માં સંસ્કૃત પ્રથમામાં ૬૦ વિદ્યાર્થીઓમાંથી ૫૫ હાજર રહ્યા હતા. તેમાંથી ૩૪ પાસ થતા તેઓનું ૬૧.૮૨ ટકા પરિણામ રહ્યું હતું.

**ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પૂરક પરીક્ષાનું ૫૧.૫૮ ટકા પરિણામ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૩મી જૂનથી ૩ જુલાઈ દરમિયાન લેવાયેલ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પુનઃ બોર્ડ પરીક્ષાનું પરિણામ ૫૧.૫૮ ટકા રહ્યું છે. સાત હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી ન હતી. અને સોળ હજારથી વધુ વિદ્યાર્થીઓ ફરી પરીક્ષા આપવા છતાં પણ નાપાસ થયા છે.

જ્યારે અગાઉ પાસ છતાં પરિણામ સુધારા માટે ફરી પરીક્ષા આપનારા ૮૪ વિદ્યાર્થીઓમાંથી ૬૬ વિદ્યાર્થીઓના માર્કસ્ સુધર્યા છે. પૂરક પરીક્ષામાં પણ છોકરાઓ કરતાં છોકરીઓનું પરિણામ વધારે રહ્યું છે.

**જાતિવાર પરિણામ**

| જાતિ | હાજર | પાસ | ટકા |
|---|---|---|---|
| છોકરા | ૨૧૪૯૫ | ૧૦૪૧૫ | ૪૮.૪૫ |
| છોકરી | ૧૨૨૩૬ | ૬૯૮૨ | ૫૭.૦૬ |

**સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં જ્ઞાન સહાયક માટેની વયમર્યાદા વધીને હવે ૪૫ વર્ષ :**

ગુજરાતની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી હોય છે. નિયમિત શિક્ષકોના અભાવે નિમાતા ૧૧ માસની જ્ઞાન સહાયકોની નિમણૂક ઝડપથી થાય તે માટે જ્ઞાન સહાયક ફાળવણીની પ્રક્રિયામાં અને નિયમોમાં સરકારે સુધારો કર્યો છે. જેમાં ખાસ કરીને જ્ઞાન સહાયકો માટેની વયમર્યાદા જે અગાઉ માધ્યમિક માટે ૪૦ અને ઉચ્ચત્તર માધ્યમિક માટે ૪૨ વર્ષની હતી. તે વધારીને હવે બન્ને માટે કોમન ૪૫ વર્ષની કરી દેવામાં આવી છે. આ ઉપરાંત હવેથી શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે જ્ઞાન સહાયકોનો કરાર આપોઆપ રદ થઈ જશે.

**યુનિવર્સિટીઓની નવી શિક્ષણનીતિ હેઠળ કોમર્સ-સાયન્સમાંથી ફેકલ્ટી બદલી આર્ટસ્માં પ્રવેશ માટેની નવી ગાઈડ લાઈન :**

નવી શિક્ષણ નીતિમાં આમ તો કોઈપણ ફેકલ્ટીમાંથી કોઈપણ ફેકલ્ટીમાં જવાની છૂટ વિદ્યાર્થીઓને અપાઈ છે. પરંતુ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ફેકલ્ટી ચેન્જ પ્રોગ્રામ અંતર્ગત માત્ર આર્ટસ્માં જ પ્રવેશ માટેની ગાઈડ લાઈન જાહેર કરાઈ છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલી ગાઈડ લાઈન મુજબ પીજીમાં યુજી સાયન્સ કે યુજી કોમર્સ બાદ આર્ટસમાં પ્રવેશ માટે બ્રિજ કોર્સ - પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ આપવાની જાહેરાત કરાઈ છે. જ્યારે કોમર્સ અને સાયન્સ માટે હાલ કોઈ જ ગાઈડ લાઈન જાહેર કરાઈ નથી.

**વૈશ્વિક સ્તરે શાળાએ ન જનારા બાળકોની સંખ્યા વધીને ૨૭.૨ કરોડ થયાનો અંદાજ :**

વૈશ્વિક સ્તરે શાળાએ ન જનારા બાળકોની સંખ્યા હવે ૨૭.૨ કરોડ થઈ ગઈ હોવાનો અંદાજ છે. આ સંખ્યા છેલ્લે મૂકવામાં આવેલા અંદાજથી ૨.૧ કરોડ વધારે છે તેમ યુનેસ્કોની ગ્લોબલ એજ્યુકેશન મોનિટરિંગ (જીઈએમ) ટીમે જણાવ્યું છે.


પ્રાથમિક શાળાની ઉંમર ધરાવતા ૧૧ ટકા એટલે કે ૭.૮ કરોડ બાળકો શાળાએ જતા જ નથી. જીઈએમ-એ, પોતાના રિપોર્ટમાં આશંકા વ્યક્ત કરી છે કે ૨૦૨૫ના અંત સુધીમાં દેશો પોતાના રાષ્ટ્રીય લક્ષ્યાંકોની સરખામણીમાં ૭.૫ કરોડથી વધુ પાછળ રહી જશે.


(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)


**સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાંતીકુમાર કોઠારી વિદ્યાલય અને અસારવા વિદ્યાલય શાળાઓએ અસારવા વિસ્તારમાં રેલીનું આયોજન કરીને ૭૯મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી. શાળાના વિદ્યાર્થીઓ, સારસ્વતો, શિક્ષકમિત્રો અને સહકર્મીઓએ ઉત્સાહભેર તેમાં ભાગ લીધો.**



**ડૉ.રક્ષાબેન દવેના નામથી ગુજરાતનું શિક્ષણ જગત સુપેરે પરિચિત છે. કલા, સાહિત્ય અને ભાષાનું શિક્ષણ તેમના રસના વિષયો છે. કલા સાથેનો તેમનો ગાઢ નાતો શિક્ષણ જગતમાં પંકાયેલો છે. અમે તેમના વિશિષ્ટ શૈલીના ચિત્રો 'ઘરશાળા માસિક'માં પ્રગટ કરી તેમની કલાને એ રીતે વંદન કરીશું. આશા છે આમારા વાચકોને આ જરૂર ગમશે.**



ઘરશાળા
સપ્ટેમ્બર-૨૦૨૫
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

## શ્રાવણ હો !

શ્રાવણ હો!

અરધી વાટે તું રેલીશ મા !

મારી ભરી ભરી હેલ, છોડીશ મા!

અરધી વાટે તું રેલીશ મા!

ઝોલો લે ઘન ગગનમાં, સરવર ઊછળે છોળ;

છાલક જરી તુજ લાગતાં હૈયું લે હિલ્લોળ.

અરધી વાટે...

આછાં છાયલ અંનાં જોજે ના ભીંજાય,

કાચા રંગનો કંચવો રખે ને રેલ્યો જાય.

અરધી વાટે...

શ્રાવણ ! તારાં સરવડાં, મોરી અખિયન-ધાર;

તું વરસીને રહી જશે, એના બારો માસ નિતાર.

અરધી વાટે તું રેલીશ મા,

શ્રાવણ હો !

—ઉમાશંકર જોશી

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું